


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 149 | AD - 2026, Fagan Vad - 04 | Saturday, Dt. 07-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### દુબઈ, અબુ ધાબી, દોહા, કુવૈત અને બહેરીન સહિતના પશ્ચિમ એશિયાના સાત મુખ્ય એરપોર્ટ પરથી ૧૯,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ

# ઈરાને ઈઝરાયલ અને અમેરિકી મથકો પર મિસાઈલો ઝીંકી

(એચ.એસ.એલ)તહેરાન,તા.૦૬

પશ્ચિમ એશિયામાં ભૌગોલિક-રાજકીય તણાવ તેની ચરમસીમાએ પહોંચ્યો છે.

ઈરાને ઈઝરાયલ, પ્રદેશમાં આવેલા અમેરિકી લશ્કરી મથકો અને અન્ય પડોશી દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો નવો અને ભીષણ દોર શરૂ કર્યો છે. આ સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં જાનહાનિના આંકડા ભયજનક છે; ઈરાનમાં અંદાજે ૧,૨૩૦ લોકો, લેબનોનમાં ૧૦૦ થી વધુ અને ઈઝરાયલમાં લગભગ એક ડઝન લોકોએ જીવ ગુમાવ્યા છે. તેહરાન ટાઈમ્સના અહેવાલ મુજબ, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેમણે ઈસ્ફહાનના આકાશમાં ઉડતા ઈઝરાયલી 'હેરોન' ડ્રોનને સફળતાપૂર્વક તોડી પાડ્યું છે. નોંધનીય છે કે હેરોન ડ્રોન ઈઝરાયલનું સૌથી મોટું અને અત્યાધુનિક માનવરહિત હવાઈ વાહન છે. બીજી તરફ, IRGC ના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ અલી મોહમ્મદ નૈનીએ જણાવ્યું છે કે ઈરાન લાંબા ગાળાના યુદ્ધ માટે સજ્જ છે અને હવે એવા અદ્યતન શસ્ત્રોનો ઉપયોગ કરશે જે અત્યાર સુધી ગુપ્ત રાખવામાં આવ્યા હતા. યુદ્ધની સીધી અસર નાગરિક ઉડ્ડયન ક્ષેત્ર પર પડી છે. કતારની એરસ્પેસ સુરક્ષાના કારણોસર બંધ કરવામાં આવી છે, જેના લીધે કતાર એરવેઝની તમામ ફ્લાઈટ્સ સ્થગિત કરી દેવાઈ છે. આ ઉપરાંત, દુબઈ, અબુ ધાબી, દોહા, કુવૈત અને બહેરીન સહિતના પશ્ચિમ



એશિયાના સાત મુખ્ય એરપોર્ટ પરથી ૧૯,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. લાખો મુસાફરો અટવાયા છે અને એરલાઈન્સ આગામી જાહેરાત સુધી રાહ જોઈ રહી છે. ઈરાની હુમલામાં કુવૈતના ૬૭ સૈનિકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. કુવૈત સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા સઉદ અલ-અતવાને જણાવ્યું કે ઘાયલોની સ્થિતિ સ્થિર છે. દરમિયાન, સાઉદી અરેબિયાએ પણ રિયાધ તરફ આવતા ત્રણ ડ્રોનને હવામાં જ તોડી પાડ્યા હોવાની પુષ્ટિ કરી છે. કુવૈત પર થયેલા હુમલા બાદ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે સાવચેતીના ભાગરૂપે ત્યાંના દૂતાવાસની કામગીરી સ્થગિત કરી દીધી છે. ઈઝરાયલી સૈન્યએ લેબનોનની રાજધાની બેરૂતના દક્ષિણ વિસ્તારોમાં, ખાસ કરીને ધાહીયાહમાં ૨૬ રાઉન્ડ ભારે બોમ્બમારો કર્યો છે.

ઈઝરાયલનો દાવો છે કે તેમણે હિઝબુલ્લાહના મુખ્ય મથકો અને ડ્રોન ડેપોને નિશાન બનાવ્યા છે. લેબનીઝ આરોગ્ય મંત્રાલય મુજબ, સોમવારથી અત્યાર સુધીમાં લેબનોનમાં ૧૨૩ લોકોના મોત થયા છે અને ૬૮૩ લોકો ઘાયલ થયા છે. હિઝબુલ્લાહે પણ વળતો પ્રહાર કરતા ઈઝરાયલના ગોલાન હાઈટ્સ અને હાઈફા બંદર પર હુમલાની જવાબદારી સ્વીકારી છે. એક મહત્વપૂર્ણ વિકાસમાં, યુએસ એડમિરલ બ્રેડ કૂપરે ખુલાસો કર્યો છે કે અમેરિકી દળોએ આ સંઘર્ષ દરમિયાન ઈરાનના ૩૦ થી વધુ જહાજોને ડૂબાડી દીધા છે. તાજેતરમાં જ એક વિશાળ ઈરાની ડ્રોન કેરિયરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જે બીજા વિશ્વયુદ્ધના વિમાનવાહક જહાજ જેવડું મોટું હોવાનું મનાય છે.

# કોઈ પણ દેશ પોતાને સર્વોચ્ચ શક્તિ કહી શકે નહીં : વિદેશ મંત્રી એસ.જયશંકર

(એચ.એસ.એલ)નવી દિલ્હી,તા.૦૬

વર્તમાન વૈશ્વિક તણાવ અને બદલાતા સમીકરણો વચ્ચે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે વિશ્વ વ્યવસ્થા પર મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આજના સમયમાં કોઈ પણ એક દેશનું સંપૂર્ણ વર્ચસ્વ રહ્યું નથી. જયશંકરે ઉમેર્યું કે ૨૦મી સદીના મધ્યભાગથી ચાલી આવતી સ્થિર વિશ્વ વ્યવસ્થા જાળવવાની અપેક્ષા રાખવી હવે ''અવાસ્તવિક'' છે, કારણ કે વૈશ્વિક શક્તિ હવે વિવિધ



પરિમાણોમાં વિખરાયેલી છે.

દિલ્હીમાં આયોજિત 'રાયસીના સંવાદ ૨૦૨૬' (Raisina Dialogue ૨૦૨૬) માં બોલતા વિદેશ મંત્રીએ છેલ્લા સાત દાયકાના વૈશ્વિક શાસન પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું, ''જ્યારે આપણે છેલ્લા ૭૦ વર્ષો પર નજર કરીએ છીએ, ત્યારે ૧૯૪૫ (બીજું વિશ્વયુદ્ધ) અથવા ૧૯૮૯ (શીત યુદ્ધનો અંત) પછીની વ્યવસ્થા કાયમ માટે સ્થિર રહેશે તેવી આશા રાખવી ભૂલભરેલી હતી. ભારતના હજારો વર્ષના ઈતિહાસની સરખામણીમાં આ ૭૦ વર્ષો તો માત્ર એક નાનો અંશ છે, તેથી વિશ્વમાં પરિવર્તન આવવું સ્વાભાવિક છે. એસ. જયશંકરે વૈશ્વિક વ્યવસ્થામાં પરિવર્તન લાવનારા બે મુખ્ય પરિબળો પર ભાર મૂક્યો હતો.

વિદેશ મંત્રીના મતે, આજે શક્તિનો અર્થ માત્ર જીડીપી (GDP) કે લશ્કરી તાકાત પૂરતો મર્યાદિત નથી. આજે કોઈ એક દેશ એવો નથી જે અર્થતંત્ર, લશ્કરી શક્તિ, ટેકનોલોજી અને રાજદ્વારી - આ તમામ ક્ષેત્રો પર એકહથ્થુ પ્રભુત્વ ધરાવતો હોય. વિશ્વના વિવિધ પ્રદેશો અલગ-અલગ ક્ષેત્રોમાં મજબૂત બની રહ્યા છે, જેના પરિણામે વૈશ્વિક શક્તિ હવે અનેક દેશો અને પ્રદેશોમાં વહેંચાયેલી છે.

# બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડથી પં. બંગાળ જીતવાની ભાજપની રણનીતિ : પ્રધાનમંત્રી મોદી વિશાળ રેલી યોજશે

(એચ.એસ.એલ) કોલકાતા,તા.૦૬

પશ્ચિમ બંગાળમાં આગામી ચૂંટણીઓની તૈયારીઓના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટીએ તેની વ્યુહરચના તેજ કરી છે. ૧૪ માર્ચે કોલકાતાના ઐતિહાસિક બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક વિશાળ રેલી યોજાવા જઈ રહી છે. આ રેલીને બંગાળમાં ભાજપના આગામી રાજકીય અભિયાનના વિધિવત પ્રારંભ તરીકે જોવામાં આવી રહી છે.

આ વખતે ભાજપ દરેક બેઠક પર પરંપરાગત રીતે લડવાને



બદલે વધુ વ્યૂહાત્મક અભિગમ અપનાવી રહી છે. પક્ષનું મુખ્ય ધ્યાન હિન્દુ મતોનું ધ્રુવીકરણ, કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ અને વિકાસના મુદ્દાઓ પર છે. રાજ્યમાં હાલમાં મતદાર યાદી સુધારણા અને લઘુમતી મત બેંકના મુદ્દાઓ રાજકારણના કેન્દ્રમાં છે. ભાજપ મમતા બેનર્જી સરકારની રોકડ સહાય યોજનાઓને ટક્કર આપવા માટે મોટા વિકાસ પેકેજનું વચન આપી શકે છે.વડાપ્રધાનની આ રેલી રાજ્યભરમાં યોજાયેલી નવ 'પરિવર્તન યાત્રાઓ'ના સમાપન બાદ યોજાઈ રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સાથે ભૂપેન્દ્ર યાદવ, અમિત માલવિયા અને સુનીલ બંસલ જેવા દિગ્ગજ નેતાઓ આ રણનીતિ પાછળ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. ૨૦૨૧ની ચૂંટણીના અનુભવોમાંથી શીખીને પાર્ટી આ વખતે સંગઠનને મજબૂત કરવા અને સામાજિક સમીકરણો બેસાડવા પર ભાર મૂકી રહી છે.




### નીતિશ કુમારના દિલ્હી જવાના નિર્ણય સામે JDU કાર્યકરોનો હંગામો

# બિહારમાં પીએમ મોદીના ફોટા પર કાળો રંગ લગાવી કાર્યકરોએ વિરોધ નોંધાવ્યો

(એચ.એસ.એલ)પટણા,તા.૦૬

મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા રાજ્યસભામાં જોડાવાની જાહેરાત કરવામાં આવતા જ બિહારના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ જાહેરાતથી જનતા દળ યુનાઈટેડ (JDU) ના કાર્યકરોમાં ભારે આઘાત અને રોષ જોવા મળી રહ્યો છે. પટણામાં મુખ્યમંત્રી નિવાસસ્થાનથી લઈને પાર્ટી કાર્યાલય સુધી વિરોધ પ્રદર્શનો અને હંગામાનો દોર




શરૂ થયો છે. પાર્ટીના રાજ્ય મહાસચિવ અમરેન્દ્ર દાસ ત્રિલોકે મુખ્યમંત્રી નિવાસસ્થાનની બહાર અચોક્કસ મુદતની ભૂખ હડતાળ શરૂ કરી છે. હાથમાં બેનર લઈને તેઓ નીતિશ કુમારને બિહાર ન છોડવા વિનંતી કરી રહ્યા છે. તેમણે ભાવુક થઈને જણાવ્યું કે, અમે કોઈપણ સંજોગોમાં નીતિશ કુમારને દિલ્હી જવા દઈશું નહીં. જો જરૂર પડશે તો અમે જીવ આપી દઈશું, પણ તેમને બિહારથી દૂર થવા નહીં દઈએ. ૫ માર્ચથી શરૂ થયેલો આ વિરોધ હજુ શાંત પડ્યો નથી. ગુસ્સે ભરાયેલા કાર્યકરોએ જદયુના રાજ્ય કાર્યાલયમાં તોડફોડ કરી હતી. કાર્યકરોની દલીલ છે કે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં જનતાએ નીતિશ કુમારના ચહેરા પર મત આપ્યા હતા, તેથી અધવચ્ચેથી બિહાર છોડવું એ જનતા સાથે અન્યાય છે. કાર્યકરોએ પ્રશ્ન કર્યો હતો કે, બિહાર નીતિશજીનો પરિવાર છે, તેઓ પોતાના પરિવારને આ રીતે અધવચ્ચે કેવી રીતે છોડી શકે?આ પ્રદર્શન દરમિયાન કાર્યકરોનો ગુસ્સો ભાજપ તરફ પણ જોવા મળ્યો હતો. કેટલાક કાર્યકરોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટા પર કાળો રંગ લગાવીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ ઉપરાંત, જદયુના નેતાઓએ એમએલસી (MLC) સંજય ગાંધીની કારને ઘેરી લીધી હતી અને ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. કાર્યકરોએ કાર્યકારી પ્રમુખ સંજય ઝા અને લલ્લન સિંહ પર ભાજપ સાથે સાંઠગાંઠ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.




# તમિલનાડુની ખાનગી શાળાઓમાં રાજકીય અને વૈમનસ્ય ફેલાવતી પ્રવૃતિઓ પર રોક

ચેન્નાઈ,૦૬

તમિલનાડુ સરકારે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને સુરક્ષિત રાખવા માટે એક મોટો નિર્ણય લેતા ખાનગી શાળાના કેમ્પસમાં રાજકીય, વૈચારિક અથવા સામુદાયિક પ્રવૃત્તિઓ પર સત્તાવાર પ્રતિબંધ મૂક્યો છે. શાળા શિક્ષણ વિભાગે ૨ માર્ચે જારી કરેલા આદેશ મુજબ, 'તમિલનાડુ ખાનગી શાળાઓ (નિયમન) નિયમો' માં મહત્વના સુધારા કરવામાં આવ્યા છે.નવા કાયદા હેઠળ, કોઈ પણ બહારની વ્યક્તિ કે સંસ્થા શાળાની ઈમારત, રમતના મેદાન કે હોલનો ઉપયોગ રાજકીય સભાઓ અથવા પ્રચાર માટે કરી શકશે નહીં. ખાસ કરીને ધર્મ, જાતિ કે ભાષાના આધારે વૈમનસ્ય ફેલાવતી પ્રવૃત્તિઓ પર કડક રોક લગાવવામાં આવી છે. આ નિયમ માત્ર શાળાના સમય પૂરતો જ નહીં, પરંતુ શનિવાર-રવિવાર, જાહેર રજાઓ અને વેકેશન દરમિયાન પણ સમાન રીતે લાગુ પડશે.



## ડિગ્નીટી જસ્ટીસ ફોર હ્યુમન રાઈટસ ફાઉન્ડેશન અમરેલી દ્વારા

# અમરેલી ખાતે આવતીકાલે વિશ્વ મહિલા દિવસે વિશેષ કાર્યક્રમ યોજાશે

અમરેલી,તા.૦૬

અમરેલીમાં આવતીકાલે રવિવારના રોજ વિશ્વ મહિલા દિવસ નિમિતે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

ડિગ્નીટી જસ્ટીસ હ્યુમન રાઈટસ ફાઉન્ડેશ અમરેલી દ્વારા યોજાનારા આ કાર્યક્રમનું મુખ્ય હેતુ સમાજ અને પરિવારના ઘડતરમાં સ્ત્રીઓના અતુલ્ય યોગદાનને બિરદાવવા માટે આ કાર્યક્રમ યોજવાનો મુખ્ય હેતુ છે.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે રાજયના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા રહેશે. જયારે મુખ્ય મહેમાન તરીકે અમરેલીના પ્રિન્સીપાલ ડ્રીસ્ટ્રીક એન્ડ સેશન્સ જજ કુ.રિઝવાના બુખારી સાહેબ ખાસ ઉપસ્થિતી રહેશે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા પોલીસ વડા સંજય ખરાત ખાસ હાજર રહેશે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં વકતા તરીકે જાણીતા મોટી વેશનલ સ્પીકર શૈલેષભાઈ સગપરીયા હાજર રહેશે. આ કાર્યક્રમ તા.૦૮ ને રવિવારના રોજ બપોરે ૨:૪૫ કલાકે શાંતાબા ઓડીટેરીયમ હોલ સીવીલ હોસ્પિટલ અમરેલી ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ સુરેશ દેસાઈ, ઉપપ્રમુખ રશ્મિન ત્રિવેદી અને ગુજરાતના જોઈન્ટ સેક્રેટરી પંકજ મહેતાએ નિમંત્રણ પાઠવ્યુ છે.

**કાર્યક્રમના અધ્યક્ષ રાજયમંત્રી કૌશિક વેકરિયા, મુખ્ય મહેમાન સેશન્સ જજ રિઝવાન બુખારી સાહેબ અને અતિથિ વિશેષ એસ.પી. સંજય ખરાત રહેશે**

# ગોઢાવદર ગામે પ્રાથમિક શાળાનું મહેશ કસવાળાના હસ્તે લોકાર્પણ



અમરેલી,તા.૦૬

લીલીયાના ગોઢાવદર ગામે ૪૫ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આધુનિક પ્રાથમિક શાળાનું લોકાર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા કરવામાં આવ્યું હતું. સરકાર ગ્રામીણ અને ગરીબ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે સતત કાર્યરત છે, જે અંતર્ગત આ સુવિધા ઊભી કરવામાં આવી છે. કાર્યક્રમની શરૂઆતમાં શાળાની બાળાઓએ સામૈયા દ્વારા મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું, જેનાથી સમગ્ર વાતાવરણ ઉત્સાહમય બન્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યની સાથે શિક્ષણ વિભાગના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં આજે ‘વોક ફોર હર’ અભિયાન યોજાશે

સાવરકુંડલા,તા.૦૬

લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અને આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આજે શનિવારના રોજ સાવરકુંડલામાં ‘વોક ફોર હર’ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, ત્યારે વહેલા નિદાન દ્વારા આ જોખમ ઘટાડવા માટે આ જાગૃતિ અભિયાન અત્યંત મહત્વનું સાબિત થશે. આ અભિયાનની સૌથી વિશેષ બાબત એ છે કે તે જનભાગીદારી પર આધારિત છે. કોઈપણ વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા પ્રત્યેક ૫૦૦૦ ડગલાંના બદલામાં એક જરૂરિયાતમંદ મહિલાનું બ્રેસ્ટ કેન્સર માટેનું નિઃશુલ્ક સ્ક્રિનિંગ કરવામાં આવશે. આ તપાસમાં અત્યાધુનિક મેમોગ્રાફી, સોનોગ્રાફી અને નિષ્ણાત તબીબો દ્વારા કરવામાં આવતી તપાસનો સમાવેશ થાય છે.

# કોટડાપીઠા-જસદણ માર્ગ પર ખાનપર પાસેના બેઠા પુલને ઊંચો બનાવવાની પ્રબળ માંગ

કોટડાપીઠા,તા. ૦૬

કોટડાપીઠાથી જસદણ વાયા ખાનપર ગામ પાસે આવેલ બેઠા પુલ (કોઝવે) ને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ પર ચોમાસામાં વરસાદી પાણી તેમજ શિયાળા અને ઉનાળામાં સૌની યોજનાનું પાણી છોડવામાં આવે ત્યારે પુલ પર પાણી ભરાઈ રહે છે. પાણી ભરાવાને કારણે પુલ પર ઊંડા ખાડા પડી ગયા છે, જેનાથી અજાણ હોવાથી ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકોના વાહનો ફસાઈ જાય છે અને અનેક ચાલકો ખાડામાં પડી જતાં નાની-મોટી ઈજાઓ થતી હોવાની ફરિયાદો ઉઠી છે.



તસવીર : જય મહેતા

સ્થાનિકોના જણાવ્યા મુજબ, અગાઉ આ પુલને ઊંચો બનાવવા માંગણી કરવામાં આવી હતી, તેમ છતાં અમરેલી જિલ્લાની હદમાં આવતા આ પુલને તંત્રએ ફરી બેઠો જ બનાવી નાખ્યો હતો, જેના લીધે આજે પણ લોકો યાતના ભોગવી રહ્યા છે. અમરેલી R&B વિભાગ તાત્કાલિક ધોરણે આ કોઝવેને સ્લેબવાળો ઊંચો પુલ બનાવે તેવી વાહનચાલકો અને લોકોની માંગણી છે.

# વડિયામાં આંગણવાડીના અધુરા કામ અંગે મુખ્યમંત્રી સુધી રજૂઆત

વડિયા,તા.૦૬

એજન્સીએ

વડિયા વિકાસ સમિતિના પ્રમુખ જુનેદભાઈ ડોડિયાએ સ્થાનિગ આંગણવાડીના અધુરા કામ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, વડિયામાં કૃષ્ણપરાની આંગણવાડી કેન્દ્ર નં-૯૧નું નવીનીકરણ કાર્ય ૨૦૨૩-૨૪માં મનરેગામાં મંજૂર થઈને શરૂ થયું હતું. આ કામ આજદિન સુધી પૂર્ણ થયેલ નથી. જે કામ કર્યું છે તેની ગુણવત્તા ખૂબ જ નબળી છે. આથી આ આંગણવાડીમાં અભ્યાસ કરી રહેલા બાળકો ભાડાના મકાન અને દુકાનમાં ભણવા માટે મજબૂર છે. આ કામ વહેલી તકે પૂર્ણ થાય અને નબળી કામગીરી તપાસ થાય તે જરૂરી છે. આ પત્રની નકલ તેમણે જિલ્લા કલેક્ટર અને કુકાવાલ તાલુકા વિકાસ અધિકારીને પણ મોકલી છે.

# બાબરાના રાયપરમાં વિરાઆપાની જગ્યાથી સમઢીયાળા સુધી સી.સી. રોડને મંજૂરી

**ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોને મળી સફળતા**

બાબરા,તા.૦૬

બાબરા તાલુકાના ધારાસભ્ય જનક તળાવીયાના સતત પ્રયત્નો અને રજૂઆતોના પરિણામે રાયપર ગામ ખાતે સંતશ્રી વિરાઆપાની જગ્યાથી રાયપર–સમઢીયાળા મુખ્ય માર્ગ સુધી અંદાજિત રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે સિમેન્ટ કોંક્રિટ (સી.સી.) રોડના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. આ માર્ગ વિસ્તારના ગામજનો માટે લાંબા સમયથી જરૂરી હતો. ખાસ કરીને સંતશ્રી વિરાઆપાની જગ્યાએ દરરોજ મોટી સંખ્યામાં ભક્તો તથા ગામજનો આવાગમન કરતા હોય છે, જેના કારણે અહીં મજબૂત અને સુવિધાસભર માર્ગની જરૂરિયાત અનુભવાતી



હતી. વરસાદી ઋતુ દરમિયાન કાચા રસ્તાના કારણે વાહન વ્યવહાર તથા ગામજનોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે સી.સી. રોડના નિર્માણથી આ સમસ્યાઓનો કાયમી ઉકેલ આવશે. આ અંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ, પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપીને વિકાસ કાર્યો આગળ ધપાવવામાં આવી રહ્યા છે.

આ રોડના નિર્માણથી રાયપર ગામને સમઢીયાળા માર્ગ સાથે વધુ સુગમ જોડાણ મળશે, જેના કારણે પરિવહન વ્યવસ્થા સુધરશે અને ગ્રામ્ય વિસ્તારોના સામાજિક તથા આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે. ખેડૂતો, વિદ્યાર્થીઓ અને રોજિંદા કામકાજ માટે જતા લોકોને પણ આ માર્ગથી સરળતા રહેશે. આ સી.સી. રોડનું નિર્માણ કાર્ય ટૂંક સમયમાં શરૂ થવાની શક્યતા છે.

## બગસરા-વડીયાના વકીલોએ મતદાન કર્યુ



તસવીર : મયુર પંડયા

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ચૂંટણી અંતર્ગત બગસરાની કોર્ટમાં બગસરા-વડીયાના વકીલોએ શુક્રવારના રોજ મતદાન કર્યુ હતુ. સવારે ૧૦:૩૦થી બપોરના ૨:૩૦ સુધી યોજાયેલા મતદાનમાં કુલ ૭૯ વકીલોમાંથી ૬૫ વકીલોએ મતદાન કર્યુ હતુ. મતદાન બાદ મતપેટી અમદાવાદ મોકલવામાં આવશે અને ત્યાં મતગણતરી હાથ ધરવામાં આવશે. આગામી સમયમાં બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નવા હોદેદારોના નામ જાહેર થશે. બગસરા ખાતે મતદાનમાં વકીલોએ અભુતપૂર્વ ઉત્સાહ દેખાડ્યો હતો.

# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુલમાં ૩૪૫મો વિના મૂલ્યે નેત્ર અને દંત ચિકિત્સા કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૦૬

સાવરકુંડલામાં સ્વામિનારાયણ ગુરુકુળ મોતિયાના અને દાંતના દર્દીઓ માટે વિના મૂલ્યે કેમ્પનું તા.૦૬ના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની સ્મૃતિમાં ૩૪૫મા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખ્યાતનામ ડોકટરો દ્વારા નિદાન કરવામાં આવેલ હતું.

આ નેત્રયજ્ઞમાં ૬૦ જેટલા દર્દીઓની તપાસ અને જેમાંથી કુલ ૧૭ જેટલા દર્દીઓને મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન માટે વિરનગર મોકલવામાં આવેલ તથા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ૪૬ જેટલા



તસવીર : સૌરભ દોશી

દર્દીઓની દાંત અને પેઢાના રોગોનું નિદાન કરવામાં આવેલ, જેમાં નવ દર્દીઓની દાઢ આયુર્વેદની જાલંધર બંધ વિધિથી ઈન્જેકશન વગર કાઢી નાખવામાં આવી હતી. આ તકે શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી, સંસ્થાનાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી, કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી અને વિરનગરના ડો. નિલેશભાઈ ત્રિવેદી વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

# બાબાપુર મુકામે શ્રી સર્વોદય સરસ્વતી મંદિરનો ૭૮મો સ્થાપના દિવસ ઉજવાયો

બાબાપુર,તા.૦૬

બાબાપુર સ્થિત શ્રી સર્વોદય સરસ્વતી મંદિરના ૭૮માં સ્થાપના દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે અમેરિકાથી પધારેલા અતિથિ વિશેષ નિખિલભાઈ પુરોહિત અને નંદાબેન પુરોહિત સહિત ગ્રામજનો અને આગેવાનો મોટી



તસવીર : હસમુખ રાવલ

સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના નિયામક મંદાકિનીબેન પુરોહિતે સંસ્થાની સ્થાપનાથી અત્યાર સુધીની ગૌરવશાળી પ્રગતિની વિગતો પ્રસ્તુત કરી હતી. કાર્યક્રમમાં વડીલ નીતિનભાઈ બોરાણીયા અને મોહનભાઈ વાળાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. મહિલા અધ્યાપન મંદિરની બહેનોએ ‘મોટા બા’ પર આધારિત ભાવવાહી નાટક ભજવ્યું હતું અને બાલઘરના ભૂલકાઓએ મનમોહક ડાન્સ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અખિલભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com






॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

જિલ્લા પ્રભારી જીતુભાઈ વાઘાણી, રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના આગેવાનોની હાજરીમાં

# અમરેલીના મોણપુર ગામે નર્મદાના નીર પહોંચતા ગ્રામજનોમાં આનંદ

**ચિત્તલ ગામે 'જલ જીવન મિશન' ૨૧૮ પરિવારોને પીવાનું શુધ્ધ પાણી મળશે**

અમરેલી,તા.૦૬

સૌરાષ્ટ્રની સુકી ધરા માટે આશીર્વાદ સમાન ગણાતી 'સૌની યોજના'એ ખરા અર્થમાં પ્રદેશની જીવાદોરી સાબિત થઈ રહી છે. તાજેતરમાં અમરેલી જિલ્લાના મોણપુર ગામમાં નર્મદાના નીરનું ભવ્ય આગમન થયું છે, જે સમગ્ર પંથક માટે હર્ષ અને ઉલ્લાસનો વિષય બન્યો છે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનતા જિલ્લા પ્રભારી મંત્રી જીતુ વાઘાણી અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ મોણપુર ખાતે 'સૌની યોજના' લિંક ૪, પેકેજ ૫ અંતર્ગત તૈયાર કરાયેલા સ્કાવર વાલ્વનું વિધિવત લોકાર્પણ કર્યું હતું. આ વાલ્વના નિર્માણ પાછળ અંદાજે રૂ. ૨૭.૮૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ સુવિધાને પરિણામે આશરે ૩૫૦ કિલોમીટર જેટલા લાંબા અંતરેથી નર્મદા મૈયાના પાણી હવે સીધા જ મોણપુરના સ્થાનિક તળાવમાં ઠલવાશે, જે આ વિસ્તારના જળસ્તરને ઊંચા લાવવામાં પાયાની ભૂમિકા ભજવશે. લોકાર્પણ સમારોહ દરમિયાન કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ માત્ર એક લોખંડી વાલ્વ નથી, પરંતુ તે આસપાસના ૮ થી ૧૦ ગામોની ખેતી, પીવાનું પાણી અને અબોલ પશુ-પંખીઓ માટે જીવન આપતો 'પ્રાણવાયુ' સમાન સ્ત્રોત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિ અને ઈચ્છાશક્તિને કારણે જ આજે સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા પાણીની તીવ્ર અછત ધરાવતા વિસ્તારોમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ શક્ય બન્યો છે. ખાસ કરીને ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાની જહેમતથી આ સ્પેશિયલ કેસમાં મંજૂર થયેલો વાલ્વ હવે આગામી વર્ષો સુધી ચેકડેમોને ભરેલા રાખશે અને ભૂગર્ભ જળના તળ જાળવી રાખવામાં મદદ કરશે. આ માત્ર સિંચાઈની સગવડ નથી, પરંતુ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવાનું એક પગલું છે.મોણપુર બાદ વિકાસનો આ રથ ચિત્તલ ગામ સુધી પહોંચ્યો હતો, જ્યાં 'જલ જીવન મિશન' હેઠળ મહત્ત્વના કાર્યોનું લોકાર્પણ કરાયું હતું. અંદાજે રૂ. ૨.૩૩ કરોડના ખર્ચે સાકાર થયેલી 'નલ સે જલ' યોજનાને કારણે ચિત્તલના ૨૧૮ જેટલા પરિવારોને હવે ઘરઆંગણે જ શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, સ્થાનિક વિકાસને વેગ આપવા માટે રૂ. ૪૮ લાખના ખર્ચે વિવિધ જનસુખાકારીના કામો જેવા કે સ્લેબડ્રેઈન, પૂર સંરક્ષણ દિવાલ, કોમ્યુનિટી હોલ અને સીસી રોડના કામોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરત સુતરીયા, કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને અન્ય વહીવટી અધિકારીઓની ઉપસ્થિતિએ સરકારની વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. સમગ્રતયા, નર્મદાના નીર અને માળખાગત સુવિધાઓના સમન્વયથી અમરેલી જિલ્લો સમૃદ્ધિના પંથે આગળ વધી રહ્યો છે.



# અમરેલીના રંગપુર પ્રાથમિક શાળા ખાતે આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૬

આયુષ્માન આરોગ્ય મંદિર વડેરા દ્વારા રંગપુર પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ આરોગ્યલક્ષી કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બાળકોને વાહકજન્ય રોગો ફેલાવાના મુખ્ય કારણો અને તેનાથી બચવા માટેના અસરકારક ઉપાયો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. તદુપરાંત તંદુરસ્ત જીવન માટે પૌષ્ટિક આહારનું મહત્વ અને તેનાથી થતા ફાયદાઓ વિશે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ બાળકોને પ્રોત્સાહનરૂપે પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે આયુષ્માન આરોગ્ય મંદિરના સ્ટાફ સપનાબેન રાણવા, ડી.જી. રાજ્યગુરૂ અને કે.બી. દુધાત તેમજ શાળાના આચાર્ય રાકેશભાઈ દેવાણી અને શાળાના શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી.



# અમરેલીના જેસીંગપરામાં રૂા. ૧.૬૦ કરોડના ખર્ચે પ્રા.શાળાનું લોકાર્પણ કરાયુ

**રાજયના ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા હાજર રહ્યાં**

અમરેલી,તા.૦૬

અમરેલી શહેરના જેસીંગપરા વિસ્તારમાં નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા અંદાજે ૧.૬૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી અત્યાધુનિક પ્રાથમિક શાળાનું લોકાર્પણ ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

સાંસદ ભરતભાઈ સુતરીયાની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમ દ્વારા ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને સ્માર્ટ બોર્ડ, પ્રયોગશાળા અને સુસજ્જ વર્ગખંડોની ભેટ મળી છે.

મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે કટિબદ્ધ છે અને ટૂંક સમયમાં અમરેલી વિધાનસભાની તમામ પ્રાથમિક શાળાઓના મકાનો સો ટકા નવનિર્મિત થઈ જશે. શિક્ષણની સાથે વિસ્તારના વિકાસ પર ભાર મૂકતા મંત્રીએ ૨૭૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા રાધેશ્યામ બાયપાસના ખાતમુહૂર્તની પણ જાહેરાત કરી હતી, જેનાથી સ્થાનિક વાહનવ્યવહાર વધુ સુલભ બનશે. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ તુષારભાઈ જોશી અને પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા સહિત નગરપાલિકાના હોદ્દેદારો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરાપરા રામજી મંદિર ખાતે સેવા-પૂજાનો વારો બદલાયો: ધુળેટીના દિવસે અગત્યની બેઠક યોજાઈ

અમરાપરા,તા.૦૬

અમરાપરા સ્થિત રામજી મંદિર ખાતે એક મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરમાં સેવા-પૂજાનો વારો ઘનશ્યામભાઈ અગ્રાવતનો શરૂ થયો છે. આ પરિવર્તન પ્રસંગે વાર્ષિક અનુદાન અંતર્ગત વિવિધ દાતાઓએ પોતાની સેવાઓ જાહેર કરી હતી. જેમાં દિવેલ માટે વિનુભાઈ જેઠાભાઈ જીયાણી, ધજા માટે ચંદુભાઈ આંબાભાઈ જીયાણી તથા અગરબત્તી માટે પ્રિન્સ ગેલચંદ્રભાઈ ખોખરીયાએ સહયોગ આપ્યો છે. આ સાથે જ ફૂલના દાતા તરીકે ધનજીભાઈ પાંભર, હનુમાનજીને દીવો કરવા માટે એક તેલના ડબ્બાના દાતા તરીકે પદુભાઈ ભારદીયા, સીતારામ ધૂન મંડળ તરફથી બે ગાળા સમીયાણાનું કાપડ અને રામભરોસે બે ગાળા સમીયાણાના લોખંડના પાઈપ અર્પણ કરવામાં આવ્યા છે.




# ધારીના ધાધાનેસમાં માતાજીના મંદિરની દાન પેટીમાંથી રૂ.૬ હજારની ચોરી

ધારી, તા.૦૬

ધારીના ધાધાનેસમાં માતાજીના મંદિરની દાન પેટીમાંથી છ હજારની ચોરી થઈ હતી.

રામજીભાઈ સગરામભાઈ રાતડીયા (ઉ.વ.૨૫) એ જાહેર કર્યા મુજબ, માતાજી આવડ માને ખુલ્લા ઓટા ઉપર સિંહાસન પર બેસાડ્યા હતા. જેની ફરતે કોઈ લોખંડની જાળી બનાવેલી નહોતી. આવડ માતાજીના ઓટલા ઉપર રહેલી સ્ટીલની દાનપેટીમા રહેલા અલગ અલગ દરની નોટો આશરે રૂ.૬૦૦૦ જેટલી કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરીને ફરાર થઈ ગયો હતો. આ ચોરી અંગે ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવતા પોલીસ દ્વારા અજાણ્યા ઈસમો સામે ગૂનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજુલા તાલુકા પંચાયતની ચાલુ ટર્મની છેલ્લી સામાન્ય સભા યોજાઈ

રાજુલા, તા.૦૬

રાજુલા તાલુકા પંચાયતની ચાલુ ટર્મની છેલ્લી સામાન્ય સભા ઉત્સાહભેર યોજાઈ હતી. તાલુકા પંચાયતનો કાર્યકાળ ૧૫ માર્ચે પૂર્ણ થતો હોવાથી પ્રમુખ, ઉપપ્રમુખ અને વિવિધ સમિતિના ચેરમેનોની પ્રશંસનીય કામગીરી બદલ સદસ્યો અને આગેવાનો દ્વારા ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં તાલુકાના સર્વાંગી વિકાસ માટે રૂ.૧૩૯ કરોડનું મહત્વકાંક્ષી બજેટ સર્વાનુમતે પસાર કરાયું હતું. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ આ નિર્ણયને આવકાર્યો હતો, જ્યારે ધીરજભાઈ પુરોહિત અને કનુભાઈ ધાખાડાએ વહીવટી સ્ટાફ અને સાથી સદસ્યોનો આભાર માન્યો હતો.



તસવીર : ગોપાલ રાઠોડ

# સાવરકુંડલાના ગોરડકા ગામે પશુ વાડામાં જવા જેવી ક્ષુલ્લક બાબતે હિંસક અથડામણ

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલા તાલુકાના ગોરડકા ગામે પશુ બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. જૂની અદાવત અને ભેંસ બીજાના વાડામાં ઘૂસી જવા જેવી સામાન્ય બાબતે ચાર શખ્સોએ ભેગા મળી એક પરિવાર પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે સુભાષભાઈ બાઘાભાઈ પરમાર (ઉ.વ.૪૨) એ જગુભાઈ બચુભાઈ પરમાર, લાલાભાઈ બચુભાઈ પરમાર, મેહુલભાઈ દદુભાઈ પરમાર તથા રાહુલભાઈ દદુભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની ઢેબુ નામથી ઓળખાતી ભેંસ પોતાના ઘરેથી દોરડું તોડાવીને બાજુમાં રહેતા આરોપીઓના વાડામાં જતી રહી હતી. આ બાબત આરોપીઓને ગમ્યું નહોતું. જેથી તેમણે તેઓ અને તેમના પત્નિ સાથે બોલાચાલી કરી ગાળાગાળી શરૂ કરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ પીએ ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.





સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી -Ad215




ઓજસ કલાસીસ - અમરેલી | દિપક ભટ્ટ : 98797 69451
: આખા દિવસનું ટાઈમ ટેબલ :

| | |
|---|---|
| સવારે : ૮ થી ૧૦ | સ્પોકન ઈંગ્લિશનાં વર્ગો |
| સવારે : ૧૦ થી ૧૨ | સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો |
| બપોરે : ૧૨ થી ૨ | ગણિત/રીઝનિંગનાં વર્ગો |
| બપોરે : ૨ થી ૪ | સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો |
| બપોરે : ૪ થી ૬ | સ્પોકન ઈંગ્લિશનાં વર્ગો |
| સાંજે : ૬ થી ૮ | સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો |

: ફી ની વિગત :
→ કલાસીસની માસિક ફી : રૂા.૧૦૦૦/-
→ લાઈબ્રેરીની માસિક ફી : રૂા.૧૦૦૦/-
કલાસીસ અને લાઈબ્રેરી બંનેમાં સાથે જોઈન કરો તો...
માસિક ફી : રૂા.૧૫૦૦/- માં





-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.87/2026
જન્મ તારીખ : 01/09/1971

શ્રી જીલુબેન ભીખાભાઈ પાયક,
રહે.છાછર, ગામ-છાછર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત છાછર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જીલુબેન ભીખાભાઈ પાયક, રહે.છાછર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ભીખાભાઈ વલીભાઈ પાયક તથા જીલુબેન ભીખાભાઈ પાયક ના પુત્ર હુસેનભાઈ ભીખાભાઈ પાયક નો જન્મ તારીખ.01/09/1971ના રોજ કોડીનાર તાલુકાના છાછર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.14/2026
મરણ તારીખ : 11/10/1984

શ્રી અમરસીંહ હકીરભાઈ કાતીરા,
રહે.અડવી, ગામ-અડવી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જે.જી.સોસા, કોડીનાર ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત અડવી, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી અમરસીંહ હકીરભાઈ કાતીરા, રહે.અડવી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ.હીરૂબેન હમીરભાઈ કાતીરાનું મરણ તારીખ.11/10/1984ના રોજ કોડીનાર તાલુકાના અડવી ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## મોટા આંકડિયા ગામે સાંસદ ભરતભાઈ સુતરીયાની ઉપસ્થિતિમાં તળાવ ઊંડા કરવાની કામગીરીનો શુભારંભ

# અમરેલી વિધાનસભા વિસ્તારમાં રૂ. ૩.૨૫ કરોડના જળસંચય કાર્યોનું ખાતમુહૂર્ત

**રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા ખેડૂતોના હિતમાં વિકાસકાર્યોનો પ્રારંભ**

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લાના કુંકાવાવ અને વડિયા તાલુકામાં જળસંચય તેમજ સિંચાઈની સુવિધાઓ સુદ્રઢ કરવાના ઉમદા હેતુથી અંદાજે રૂ. ૩.૨૫ કરોડથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું છે. આ આયોજન અંતર્ગત માંગપાળ ખાતે વડી ઈરીગેશન યોજનામાં રૂ. ૫૯.૩૩ લાખના ખર્ચે બોક્ષ કલવર્ટ બનાવવામાં આવશે, જ્યારે સાંથળી અને ખડખડ ગામે નવા ચેકડેમોનું નિર્માણ થશે. આ ચેકડેમોના કારણે વિસ્તારમાં કરોડો લિટર જળસંગ્રહ શક્તિમાં વધારો



થશે, જેનો સીધો લાભ સ્થાનિક ખેડૂતોને સિંચાઈ માટે મળશે. વધુમાં, મોટા આંકડિયા ગામે સાંસદ ભરતભાઈ સુતરીયાની



ઉપસ્થિતિમાં તળાવ ઉંડા કરવાની કામગીરીનો શુભારંભ થયો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે સરકાર જળસંચયને પ્રાથમિકતા આપી રહી છે, જેના ભાગરૂપે કુંકાવાવ-વડિયાના ૪૫ ગામોમાં તળાવો ઉંડા કરવાનું અભિયાન હાથ ધરાશે. આ પ્રસંગે તરઘરી ગામે નવા પંચાયત ઘર અને સ્માર્ટ આર.ઓ. પ્લાન્ટનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સ્માર્ટ પ્લાન્ટ દ્વારા ગ્રામજનોને સ્માર્ટ કાર્ડની મદદથી નજીવા દરે શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થશે. આ વિકાસયાત્રા માટે મંત્રીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ પરશોત્તમભાઈ હિરપરા અને અન્ય સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાથી વિસ્તારમાં ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવશે અને ખેતી ક્ષેત્રે નવી સમૃધ્ધિ આવશે.

## જાફરાબાદમાં મધરાતે દુકાનોના તાળા ફંફોળતો શખ્સ ઝડપાયો

જાફરાબાદ, તા.૦૬

જાફરાબાદ શહેરમાં રાત્રિના સમયે દુકાનોને નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહેલા એક શખ્સને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. વાણિયા શેરી વિસ્તારમાં શંકાસ્પદ હાલતમાં દુકાનોના તાળા તપાસતા આ શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.મળતી માહિતી મુજબ, જાફરાબાદની મુખ્ય ગણાતી વાણિયા શેરીમાં રાત્રિના સમયે શબ્બીર ઉર્ફે પચ્ચીસ અલીભાઈ થૈયમ (ઉ.વ.૨૬) નામનો શખ્સ શંકાસ્પદ રીતે આંટાફેરા કરી રહ્યો હતો. આ શખ્સ દુકાનોના તાળા ફંફોળતો હોવાનું ધ્યાન પર આવ્યું હતું. સૂર્યાસ્તથી સૂર્યોદય વચ્ચેના સમયગાળામાં કોઈ મોટી ચોરી કે મિલકત વિરુદ્ધનો ગુનો કરવાના ઈરાદે તે આ વિસ્તારમાં ઘૂમી રહ્યો હતો. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન આ શખ્સની હિલચાલ પકડાઈ ગઈ હતી. તે કોઈ ગુનો આચરે તે પહેલા જ તેને ઝડપી લેવામાં આવ્યો હતો.

## બાબરા તાલુકાના વાકીયા ગામે વિશ્વ મહિલા દિવસની શાનદાર ઉજવણી

બાબરા,તા.૦૬

બાબરા તાલુકાના વાકીયા ગામે આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે એક ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીજી એજ્યુકેશન સેવા ટ્રસ્ટ દ્વારા અને અરવિંદ મિલના વિશેષ આર્થિક સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મહિલાઓએ ખૂબ જ ઉત્સાહભેર



તસવીર : દિપક કનૈયા

ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના સંચાલક સંગીતાબેન દવેએ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ અને સામાજિક કાર્યોનો વિગતવાર પરિચય આપ્યો હતો. તેમણે મહિલાઓને સંબોધતા મહિલા સશક્તિકરણ, જેન્ડર સમાનતા અને કાર્યસ્થળે કે સમાજમાં થતી જાતિ સતામણી જેવા ગંભીર મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત ગ્રામીણ મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને તેવા શુભ હેતુથી ખેતીની આધુનિક પદ્ધતિઓ, સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને નાના પાયે શરૂ કરી શકાય તેવા માઈક્રો બિઝનેસ વિશે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## રાજુલામાં અગાઉની અરજીનો ખાર રાખી પ્રૌઢ પર હુમલો

રાજુલા, તા.૦૬

રાજુલા શહેરમાં જૂની અદાવતને લઈને પ્રૌઢ પર હુમલો કરાયો હતો. અગાઉ પોલીસમાં કરેલી અરજીનું મનદુઃખ રાખી દંપતીએ તેને આંતરી, ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. પીઠાભાઈ નથુભાઈ સાગઠીયા (ઉ.વ.૭૮) એ પરેશભાઈ કિશોરભાઈ ધાખડા તથા કાંતાબેન કિશોરભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે અગાઉ આરોપીઓ વિરુદ્ધ પોલીસમાં અરજી કરી હતી. આ બાબતનો ખાર રાખીને બંને જણાએ તેમની સાથે ઝઘડો શરૂ કર્યો હતોઅને બિભત્સ ગાળો ભાંડી હતી. બોલાચાલી ઉગ્ર બનતા આરોપીઓએ આવેશમાં આવી તેમને જોરથી ધક્કો મારી જમીન પર પછાડી દીધા હતા. ત્યારબાદ બંનેએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ઉપરાંત ધમકીઓ આપી ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું.

### સરકારી કામો પૂર્ણ થયા બાદ ફાઈલોની ચકાસણી મુદ્દે

## સા.કુંડલામાં માર્ગ અને મકાન વિભાગના કર્મચારીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી

**રસ્તામાં ક્યાંય પણ ભેગો થઈશ તો તને જોઈ લઈશ પણ કહ્યું**

સાવરકુંડલા, તા.૦૬

સરકારી કામકાજમાં નિયમોનું પાલન કરાવવું હવે જોખમી બની રહ્યું હોય તેવો ઘાટ સાવરકુંડલામાં જોવા મળ્યો હતો. માર્ગ અને મકાન પેટા વિભાગ (પંચાયત)ની કચેરીમાં ફરજ બજાવતા એક રાજ્ય સેવકને ફોન પર બિભત્સ ગાળો આપી, ફરજમાં રુકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે તુલેશભાઈ વિનુભાઈ પડસાલા (ઉ.વ.૩૭) એ લીલીયાના પીપળવા ગામના પરેશભાઈ પહાડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ સાવરકુંડલા ખાતે આવેલી માર્ગ અને મકાન પેટા વિભાગ (પંચાયત) ની ઓફિસમાં પોતાની ફરજ પર હાજર હતા. આ દરમિયાન આરોપીનો તેમના પર ફોન આવ્યો હતો. આરોપી લીલીયા તાલુકાના વિવિધ ગામડાઓમાં સરકારી બ્લોક, રોડ અને ભૂગર્ભ ગટર જેવા કામોના કોન્ટ્રાક્ટ ધરાવે છે. નિયમ મુજબ, આ સરકારી કામો પૂર્ણ થયા બાદ તેની ફાઈલો તાલુકા વિકાસ અધિકારી મારફતે ટેકનિકલ ચકાસણી માટે ફરિયાદી પાસે આવતી હોય છે. જોકે, આરોપી જે કામોની વાત કરતો હતો તેની ફાઈલો હજુ સુધી તેમની પાસે પહોંચી ન હતી. જ્યારે તેમણે આ અંગે સ્પષ્ટતા કરી કે તેમની પાસે હજુ કોઈ ફાઈલ આવી નથી, ત્યારે આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ ટેલિફોનિક વાતચીત દરમિયાન જ ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો ભાંડી હતી. એટલું જ નહીં, આરોપીએ એવી પણ ધમકી આપી હતી કે, જો રસ્તામાં ક્યાંય પણ ભેગો થઈશ તો તને જોઈ લેવો છે. આમ, ગર્ભિત રીતે જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીએ સરકારી કર્મચારીની કાયદેસરની ફરજમાં અડચણ ઊભી કરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે એલ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## વાવેરાના ખોડીયાર મંદિરે મોજગીરીબાપુની પુણ્યતિથિ નિમિત્તે સંતવાણી મહોત્સવ

વાવેરા,તા.૦૬

વાવેરાના પ્રસિદ્ધ ખોડીયાર માતાજી મંદિરે પૂજ્ય મોજગીરીબાપુની ૮મી પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય સંતવાણી અને ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી તથા અમરેલી જિલ્લા ખરીદ-વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ પૂજ્ય મોજગીરી બાપુના સેવાભર્યા



તસવીર : ગોપાલ રાઠોડ

જીવનને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. મોડી રાત સુધી ચાલેલા કાર્યક્રમમાં ભજન, પ્રસાદ અને ભક્તિનો અનોખો ત્રિવેણી સંગમ જોવા મળ્યો. ગામના અગ્રણીઓ, કેહુરભાઈ ડેર, જાદવભાઈ કાછડ, દીપુભાઈ ધાખડા, નસકુભાઈ ખુમાણ, અમરૂભાઈ ધાખડા, સહિતના આગેવાનો દ્વારા મહેમાનોનું સ્વાગત-સન્માન કરાયું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચોથ, પાંચમ
તા.૦૭-૦૩-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૯,
સૂર્યાસ્ત-૦૬:૪૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા, સ્વાતિ

### દૈનિક રાશિફળ

તા.૦૭-૦૩-૨૦૨૬ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશીર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

## 'અમારી સામા બોલશો તો જાનથી મારી નાખીશું' કહી યુવકને ધમકી આપી

સાવરકુંડલા, તા.૦ ૬

સાવરકુંડલા શહેરમાં બે પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. રીઝવાનભાઈ મહમદભાઈ જાંખરા (ઉ.વ.૨૭) એ સાદિકભાઈ અયુબભાઈ ચૌહાણ, ઈમરાનભાઈ રસુલભાઈ ચૌહાણ, રાજુભાઈ ગોરી અને રસુલભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમજ તેના મિત્ર નમાઝ પઢીને મસ્જીદેથી ચાલીને પાનના ગલ્લે પહોંચ્યા ત્યારે સાદિકભાઈ ચૌહાણ ચાલીને નીકળ્યા હતા. તેમને તથા સાહેદની સામે જોતા હતા. જેથી સાહેદે કહેલ કે કેમ સામે જોછો તેમ કહેતા ઉશ્કેરાઈ જઈને તેમને તથા સાહેદને જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. ખિસ્સામાંથી પંચ કાઢી સાહેદને મોઢાના ભાગે ડાબા ગાલ પર એક ઘા મારી સામાન્ય ઈજા કરી હતી. તેમજ તેમને જમણા ખભાના ભાગે એક ઘા માર્યો હતો.તેમને તથા સાહેદને જેમફાવે તેમ ગાળો દઈ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી ચારેય જણાએ જતા જતા હવે અમારી સામા બોલશો તો જાનથી મારી નાખીશું એવી ધમકી આપી હતી. જે બાદ સાદિકભાઈ અયુબભાઈ ચૌહાણ (ઉ.વ.૧૯) એ ) હસનભાઈ કાસમભાઈ જીરૂકા, રિજવાનભાઈ મહમદભાઈ જાંખરા, ફરદીનભાઈ જીરૂકા તથા ફૈજાનભાઈ જાંખરા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ નમાજ પઢીને ચાલીને પોતાના ઘરે જતા હોય તે દરમિયાન હસનભાઈ જીરુકાએ તેને સાદ કરી પાસે બોલાવી તું કેમ અમારી સામે જો છો તેમ કરી જેમ ફાવે તેમ ગાળો દઈ ગળકી પકડી નીચે પછાડીને શરીરે ઢીકાપાટુથી માર માર્યો હતો. અન્ય આરોપીઓએ તેમને ફટકાર્યો હતો. આ સમયેતેમને ત્યાં હાજર માણસોએ બચાવતા ઘરે જતા રહ્યા હતા ત્યારે સાહેદને છરી બતાવી કહેલ કે, હવે તમારૂ આવ્યુ છે. તમને મારી નાખીશુ તેમ કહી આજે તો તમે બચી ગયા છો હવે મળશો તો તમને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી હતી. બંને કેસની તપાસ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ કરી રહ્યા છે.

## મોટા દેવળીયા ગામે ફુલઝર ગામના પાટીયા પાસે કારમાંથી દારૂની ખેપ ઝડપાઈ

**રાજસ્થાનના બે ઈસમો પોલીસ પકડમાં આવ્યા**

અમરેલી, તા.૦૬

મોટા દેવળીયા ગામે ફુલઝર ગામના પાટીયા પાસે કારમાંથી દારૂની ખેપ મારતાં રાજસ્થાનના બે ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા. કલ્યાણસિંહ મનોહરસિંહ સીસોદીયા તથા નરેશભાઈ કિશનલાલ સાહુ મોટા દેવળીયા ગામે ફુલઝર ગામના પાટીયા પાસે કાર લઈને પસાર થતા હતા ત્યારે અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની કુલ ૩૭૮ બોટલો મળી આવી હતી. પોલીસે કાર, દારૂની બોટલો મળી રૂ. ૯,૪૦,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જાફરાબાદમાંથી એક યુવક પાસેથી એક લીટર દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૮ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## મુંદ્રા પોર્ટનો સ્ક્રેપ અપાવવાના બહાને યુવક સાથે રૂ.૫૧,૫૦૦ની છેતરપિંડી

અમરેલી, તા.૦૬

મુંદ્રા પોર્ટમાંથી સસ્તા ભાવે સ્ક્રેપ અપાવવાની લાલચ આપી નાણાં પડાવી લેતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. અમરેલી તાલુકાના કેરીયાચાડ ગામના એક શખ્સ પાસેથી સ્ક્રેપના નામે હજારો રૂપિયા પડાવી લઈ, માલ ન મોકલીને છેતરપિંડી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કેરીયાચાડ ગામે રહેતા અને ખેતી કરતા કિર્તીભાઈ કુરજીભાઈ ચોડવડિયા (ઉ.વ.૪૦) એ મુંદ્રામાં રહેતા પ્રવિણભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેમને વિશ્વાસમાં લીધા હતા કે તે મુંદ્રા પોર્ટમાંથી સ્ક્રેપનો જથ્થો મોકલી આપશે. આ સ્ક્રેપ મોકલવા માટે ગાડીનું ભાડું તથા પોર્ટની ડ્યુટી ભરવાના બહાને આરોપીએ ફરિયાદી પાસેથી કુલ રૂ.૫૧,૫૦૦ ની માંગણી કરી હતી. તેમણે આરોપીના જણાવ્યા મુજબ વિશ્વાસ રાખીને આર.કે. આંગડિયા પેઢી મારફતે આ રકમ મોકલી આપી હતી. જોકે, રૂપિયા મળી ગયા બાદ આરોપીએ વાયદા પ્રમાણે સ્ક્રેપ મોકલ્યો નહોતો. જ્યારે તેમને છેતરાયા હોવાનો અહેસાસ થયો, ત્યારે તેમણે પોતાના રૂપિયા પરત માંગ્યા હતા. આરોપીએ રૂપિયા પરત આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. જ્યારે તેમણે આ મામલે કાયદેસરની પોલીસ કાર્યવાહી કરવાની વાત કરી, ત્યારે આરોપીએ ઉશ્કેરાઈ જઈને કહ્યું કે, જો પોલીસ ફરિયાદ કરશો તો જાનનું જોખમ રહેશે. આમ, આરોપીએ છેતરપિંડી આચરી જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસબી સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

## સા.કુંડલામાં બળાત્કારના કેસમાં સમાધાન કરવા દબાણ કરી પરિણીત યુવકને જાનથી મારી નાખવાની ધમકી

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલા શહેરમાં વર્ષ ૨૦૨૪ના એક જૂના બળાત્કારના કેસમાં સમાધાન કરવા માટે ફરિયાદીના ઘરે જઈ ધાક-ધમકી આપવાની ઘટના સામે આવી હતી. ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસની અદાવત રાખી આરોપીઓએ એકસંપ થઈ ફરિયાદીના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી આતંક મચાવ્યો હતો. આ અંગે મહેશભાઈ કિશનભાઈ પઢીયાર (ઉ.વ.૪૦) એ જયરાજભાઈ નનકુભાઈ મોટીયાર, રાજુ ઉર્ફે રાજેશભાઈ બંસીદાસ હરીયાણી, કેતનભાઈ બંસીદાસ હરીયાણી તથા ધર્મેશભાઈ બંસીદાસ હરીયાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેના ભાભીએ વર્ષ ૨૦૨૪માં ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનમાં એક શખ્સ વિરૂધ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી, જેનો કેસ હાલ કોર્ટમાં ચાલી રહ્યો છે. આ કેસમાં સંડોવાયેલા અન્ય આરોપીઓએ એક મુખ્ય આરોપી અને એક અજાણ્યા શખ્સને ફરિયાદી વિરૂદ્ધ ચડામણી કરી તેમના ઘરે મોકલ્યા હતા. આરોપીઓએ તેમના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. તેમજ બિભત્સ ગાળો ભાંડી હતી અને જો આ કેસમાં સમાધાન નહીં કરો, તો તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે જે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# વૈશ્વિક પ્રગતિનો માર્ગ એટલે રાયસીના ડાયલોગ

ભારત છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક ચર્ચા અને નીતિ નિર્માણ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. વિશ્વના રાજકીય, આર્થિક અને વ્યૂહાત્મક પ્રશ્નો પર ચર્ચા કરવા માટે અનેક આંતરરાષ્ટ્રીય મંચો ઉભા થઈ રહ્યા છે, જેમાં ''રાયસીના સંવાદ'' એક મહત્વપૂર્ણ અને પ્રભાવશાળી મંચ તરીકે ઓળખાય છે. ગુરુવારે ભારતના વડાપ્રધાન ''નરેન્દ્ર મોદી'' અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ ''એલેક્ઝાન્ડર સ્ટબ'' દ્વારા રાયસીના સંવાદની ૧૧મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ''સંસ્કાર, દઢતા, સામંજસ્ય અને પ્રગતિ'' જેવી વિષયવસ્તુ સાથે શરૂ થયેલી આ પરિષદ વૈશ્વિક સહકાર અને સંવાદ માટે મહત્વપૂર્ણ બની રહી છે. ત્રણ દિવસ સુધી ચાલનારી આ આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન દર વર્ષે ''ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન'' અને ''વિદેશ મંત્રાલય, ભારત'' દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. આ મંચ પર વિશ્વના વિવિધ દેશોના રાજકીય નેતાઓ, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગપતિઓ, ટેક્નોલોજી નિષ્ણાતો, સૈન્ય અધિકારીઓ, શિક્ષણવિદો અને વિચારમંચોના નિષ્ણાતો એકત્ર થાય છે અને વર્તમાન વૈશ્વિક પડકારો અંગે ચર્ચા કરે છે. આ વર્ષે યોજાયેલી ૧૧મી આવૃત્તિમાં વિશ્વના લગભગ ૧૧૦ દેશોમાંથી આશરે ૨૭૦૦ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. તેમાં પૂર્વ રાષ્ટ્રપ્રમુખો, મંત્રીઓ, રાજકીય નેતાઓ, સૈન્ય કમાન્ડરો, ઉદ્યોગ જગતના આગેવાનો, ટેક્નોલોજી ક્ષેત્રના નિષ્ણાતો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. વિવિધ દેશોના વિચારમંચો સાથે જોડાયેલા વિદ્વાનો પણ આ પરિષદમાં પોતાના અભિપ્રાયો રજૂ કરે છે. આથી આ મંચ વૈશ્વિક સંવાદ માટે અત્યંત મહત્વપૂર્ણ બની ગયો છે. આ વર્ષની ચર્ચાઓમાં અનેક મહત્વપૂર્ણ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ''સાંઝા સંસાધનોનું પુનઃનિર્માણ : નવા જૂથો, નવા સંરક્ષકો અને નવા માર્ગો'' વિષય હેઠળ વિશ્વની સંયુક્ત સંપત્તિ અને વૈશ્વિક સહકારને કેવી રીતે મજબૂત બનાવવો તે અંગે ચર્ચા કરવામાં આવશે. આજના સમયમાં પર્યાવરણ, ગ્રીન કોન્સેપ્ટ, સમુદ્રો, સાયબર જગત અને વૈશ્વિક અર્થતંત્ર જેવી બાબતોને ''વૈશ્વિક સાંઝા સંસાધનો'' તરીકે જોવામાં આવે છે. આ ક્ષેત્રોને સુરક્ષિત રાખવા માટે દેશો વચ્ચે સહકાર અને જવાબદારી જરૂરી બની છે. તે ઉપરાંત ''૨૦૩૦ વિકાસ કાર્યયોજના તરફ પ્રયાણ'' વિષય પર પણ ચર્ચા થશે. આ કાર્યયોજના વિશ્વના ટકાઉ વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ગરીબી દૂર કરવી, શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ વધારવી, પર્યાવરણનું સંરક્ષણ કરવું અને આર્થિક સમાનતા સ્થાપિત કરવી જેવા મુદ્દાઓ તેમાં સમાવિષ્ટ છે. આવા પ્રશ્નો પર વૈશ્વિક સહકાર જરૂરી હોવાથી રાયસીના સંવાદ જેવા મંચો અત્યંત ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત ''અંતિમ ક્ષણની ચેતવણી : હવામાન પરિવર્તન, સંઘર્ષ અને મોડું પડવાના ખર્ચ'' વિષય પર પણ ચર્ચા કરવામાં આવશે. વિશ્વમાં વધતા જતા પર્યાવરણીય સંકટ અને તેની અસર હવે સ્પષ્ટ દેખાઈ રહી છે. હવામાન પરિવર્તન, પાણીની અછત અને કુદરતી સંસાધનો પર વધતો દબાણ ઘણા પ્રદેશોમાં તણાવ અને સંઘર્ષને જન્મ આપી રહ્યા છે. આવા સંજોગોમાં સમયસર પગલાં લેવાં અત્યંત જરૂરી બની ગયા છે. ટેક્નોલોજીના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને ''આવતીકાલનું વિશ્વ : ટેક્નોલોજી આધારિત સમાજ તરફ'' વિષય પર પણ ચર્ચા થશે. કૃત્રિમ બુદ્ધિમત્તા, ડિજિટલ શાસન અને આધુનિક ટેક્નોલોજી વિશ્વના શાસન અને અર્થતંત્રને ઝડપી ગતિએ બદલાવી રહી છે.


# બિહારની રાજનીતિમાં નવો વળાંક એટલે નીતિશ યુગનો અંત અને ભાજપ માટે નવી શરૂઆત




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

બિહારની રાજનીતિ દેશની સૌથી જટિલ અને ગતિશીલ રાજકીય વ્યવસ્થાઓમાંની એક માનવામાં આવે છે. અહીં જાતીય સમીકરણો, પ્રાદેશિક રાજકીય શક્તિઓ અને ગઠબંધન રાજકારણ હંમેશા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા આવ્યા છે. છેલ્લા ત્રણ દાયકાથી બિહારની રાજનીતિમાં મુખ્યત્વે બે રાજકીય ધ્રુવો જોવા મળ્યા છે- એક તરફ લાલુ પ્રસાદ યાદવ અને તેમની રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ની રાજનીતિ અને બીજી તરફ નીતિશ કુમાર ના નેતૃત્વમાં ઉભી થયેલી વિકાસ અને ગઠબંધન આધારિત રાજકીય ધારા. આ બંને ધ્રુવો વચ્ચે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ધીમે ધીમે પોતાની રાજકીય શક્તિ મજબૂત કરતી ગઈ અને આજે રાજ્યની સત્તા વ્યવસ્થામાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.બિહારની રાજનીતિનો મોટો ભાગ ગઠબંધનના સમીકરણો પર આધારિત રહ્યો છે. અહીં કોઈ એક પક્ષ માટે લાંબા સમય સુધી એકલદોકલ સત્તામાં રહેવું મુશ્કેલ રહ્યું છે. ૧૯૯૦ના દાયકામાં લાલુ પ્રસાદ યાદવનું પ્રભુત્વ હતું, જ્યારે ૨૦૦૫ પછી બિહારની રાજનીતિમાં નીતિશ કુમાર મુખ્ય કેન્દ્ર બની ગયા. તેમણે વિકાસ, શાસન સુધારણા અને સામાજિક સંતુલન જેવા મુદ્દાઓને આગળ રાખીને પોતાની અલગ ઓળખ બનાવી. તેમ છતાં તેમની રાજનીતિમાં ગઠબંધન બદલાવનો સિલસિલો સતત જોવા મળ્યો. ક્યારેક ભાજપ સાથે તો ક્યારેક આરજેડી સાથે મળીને તેમણે સરકાર બનાવી અને પોતાની રાજકીય પ્રાસંગિકતા જાળવી રાખી.હવે બિહારની રાજનીતિ ફરી એક મહત્વપૂર્ણ વળાંક પર આવી પહોંચી છે. છેલ્લા બે દાયકાથી રાજ્યના સત્તા કેન્દ્રમાં રહેલા નીતિશ કુમાર મુખ્યમંત્રી પદ છોડીને રાજ્યસભામાં જવાનો નિર્ણય લીધો છે. તેમના આ નિર્ણયથી માત્ર તેમની રાજકીય ભૂમિકા જ બદલાશે નહીં, પરંતુ બિહારની રાજનીતિમાં શક્તિનું સંતુલન પણ બદલાઈ શકે છે. ખાસ કરીને ભાજપ માટે આ એક ઐતિહાસિક ક્ષણ બની શકે છે, કારણ કે પહેલીવાર રાજ્યમાં ભાજપના નેતૃત્વ હેઠળ સીધા મુખ્યમંત્રી બનવાની સંભાવના ઉભી થઈ રહી છે. બિહારની રાજનીતિમાં આશરે બે દાયકાથી કેન્દ્રસ્થાને રહેલા નીતિશ કુમાર હવે મુખ્યમંત્રી પદ પરથી વિદાય લઈને રાજ્યસભામાં પ્રવેશ કરશે. ૧ માર્ચે ૭૫ વર્ષ પૂર્ણ કરનારા નીતિશે પોતાની ઉંમર, સ્વાસ્થ્ય અને જનતા દળ (યુનાઈટેડ) (જેડીયુ)ના ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો હોવાનું માનવામાં આવે છે. તેમણે રાજ્યસભા માટે નામાંકન પણ દાખલ કર્યું છે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા પછી બિહારમાં પહેલીવાર ભાજપના મુખ્યમંત્રી બનવાની શક્યતા પ્રબળ બની રહી છે. નીતિશ કુમારનું રાજકીય જીવન અત્યંત લાંબું અને ઉતાર-ચઢાવથી ભરેલું રહ્યું છે. તેઓ છેલ્લા લગભગ ૨૫ વર્ષમાં ૧૦ વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લઈ ચૂક્યા છે. જોકે આમાંથી એક વખત તો બહુમતના અભાવે તેમને માત્ર સાત દિવસમાં જ પદ છોડવું પડ્યું હતું. તેમ છતાં બિહારની રાજનીતિમાં તેમની હાજરી સતત મહત્વપૂર્ણ રહી છે અને અનેક રાજકીય ફેરફારો વચ્ચે પણ તેઓ સત્તાના કેન્દ્રમાં રહ્યા છે. ભાજપ માટે આ પરિવર્તન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અત્યાર સુધી ભાજપ બિહારમાં ગઠબંધનનો ભાગ રહીને સરકારમાં સામેલ રહી હતી, પરંતુ મુખ્યમંત્રી પદ મોટાભાગે નીતિશ કુમાર પાસે જ રહ્યું. હવે તેમની વિદાય બાદ ભાજપને પહેલીવાર રાજ્યમાં પોતાનો મુખ્યમંત્રી બનાવવાનો મોકો મળી શકે છે. પાર્ટીના અંદર કેટલાક નામો ચર્ચામાં છે. તેમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય, વર્તમાન ઉપમુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, ભાજપના નેતા દિલીપ જયસ્વાલ અને સંજીવ ચૌરસિયા જેવા નેતાઓનો સમાવેશ થાય છે. જોકે ભાજપ ઘણીવાર અચાનક નિર્ણય લેતી પાર્ટી તરીકે જાણીતી હોવાથી પાર્ટી કોઈ નવા ચહેરા પર પણ દાવ લગાવી શકે છે. જેડીયુ તરફથી પણ નવા રાજકીય સમીકરણો ઉભા કરવાની તૈયારી ચાલી રહી છે. એવી ચર્ચા છે કે પાર્ટી તરફથી બે ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવી શકે. તેમાં વિજય કુમાર ચૌધરી અને નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર ના નામ ચર્ચામાં છે. ઉપરાંત દલિત સમાજમાંથી કોઈ નેતાને ઉપમુખ્યમંત્રી બનાવીને સામાજિક સંતુલન જાળવવાનો પ્રયાસ પણ થઈ શકે છે. આ નિર્ણયોથી જેડીયુ પોતાની રાજકીય હાજરી જાળવી રાખવાનો પ્રયાસ કરશે. નીતિશ કુમારનું રાજકીય જીવન બિહારની રાજનીતિના અનેક તબક્કાઓ સાથે જોડાયેલું રહ્યું છે. તેઓ જયપ્રકાશ નારાયણ ના લોકશાહી આંદોલનથી પ્રેરાઈ રાજકારણમાં આવ્યા હતા. ૧૯૮૫માં તેઓ પ્રથમ વખત બિહાર વિધાનસભાની ચૂંટણી જીત્યા હતા અને ત્યારબાદ ૧૯૮૯માં લોકસભામાં પહોંચ્યા. ૧૯૯૦ના દાયકામાં લાલુ પ્રસાદ યાદવ સાથે મતભેદ થતાં તેમણે જ્યોર્જ ફર્નાન્ડિઝ સાથે મળીને સમતા પાર્ટીની સ્થાપના કરી. પછી શરદ યાદવ સાથે મળીને જનતા દળ (યુનાઈટેડ)નું ગઠન કર્યું. કેન્દ્રની રાજનીતિમાં પણ તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેઈની સરકારમાં તેઓ કેન્દ્રિય મંત્રી રહ્યા હતા. આ અનુભવના કારણે તેઓ રાષ્ટ્રીય રાજનીતિમાં પણ ઓળખ ધરાવતા નેતા બની ગયા. ૩ માર્ચ ૨૦૦૦ના રોજ નીતિશ કુમાર પહેલીવાર બિહારના મુખ્યમંત્રી બન્યા હતા. પરંતુ તે સમયે બહુમત ન હોવાને કારણે તેમને માત્ર સાત દિવસમાં જ રાજીનામું આપવું પડ્યું હતું. ત્યારબાદ ૨૪ નવેમ્બર ૨૦૦૫માં ભાજપના સમર્થનથી તેઓ ફરી મુખ્યમંત્રી બન્યા અને ત્યારથી બિહારની રાજનીતિમાં તેમની મજબૂત પકડ બની રહી. તેમના રાજકીય જીવનમાં ગઠબંધન બદલાવ પણ ઘણીવાર થયા. ૨૦૧૩માં તેમણે એનડીએથી અલગ થવાનો નિર્ણય લીધો. ૨૦૧૫માં આરજેડી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી જીતી અને સરકાર બનાવી. પરંતુ ૨૦૧૭માં ફરી ભાજપ સાથે જોડાઈ સરકાર રચી. ૨૦૨૨માં ફરી આરજેડી સાથે સરકાર બનાવી અને ૨૦૨૪માં ફરી એનડીએમાં પરત ફર્યા. આ સતત બદલાતા ગઠબંધનોએ તેમને ઘણીવાર ''રાજકીય સંતુલનના માસ્ટર'' તરીકે ઓળખ અપાવી. પરંતુ હવે તેઓ મુખ્યમંત્રી પદ છોડીને રાજ્યસભામાં જવાના નિર્ણય સાથે સક્રિય રાજ્ય રાજકારણમાંથી એક પગલું પાછળ લઈ રહ્યા છે. તેમના આ નિર્ણયને લઈને વિપક્ષ તરફથી ટીકા પણ થઈ રહી છે. બિહાર વિધાનસભાના વિપક્ષ નેતા તેજસ્વી યાદવએ આરોપ લગાવ્યો છે કે ભાજપે જેડીયુને રાજકીય રીતે કમજોર બનાવવા માટે નીતિશ કુમારને કિનારે કરી દીધા છે. તેમના કહેવા મુજબ ભાજપ ચૂંટણી પછી નીતિશને મુખ્યમંત્રી તરીકે રહેવા દેશે નહીં તેવું તેઓ પહેલાથી કહી રહ્યા હતા અને હવે તે જ બન્યું છે. જો કે રાજકીય વિશ્લેષકો માને છે કે આ પરિવર્તન બિહારની રાજનીતિમાં નવા તબક્કાની શરૂઆત કરી શકે છે. ભાજપ માટે આ એક મોટી તક બની શકે છે, કારણ કે રાજ્યમાં પોતાની આગેવાનીમાં સરકાર ચલાવવાનો મોકો મળવાથી પાર્ટી પોતાની રાજકીય પકડ વધુ મજબૂત કરી શકે છે.આ રીતે જોવામાં આવે તો નીતિશ કુમારનો મુખ્યમંત્રી પદેથી વિદાય લેવાનો નિર્ણય માત્ર વ્યક્તિગત રાજકીય નિર્ણય નથી, પરંતુ બિહારની સમગ્ર રાજકીય વ્યવસ્થાને અસર કરી શકે એવો મહત્વપૂર્ણ પરિવર્તન છે. હવે જોવાનું રહેશે કે ભાજપ આ તકનો કેવી રીતે ઉપયોગ કરે છે અને જેડીયુ પોતાનું રાજકીય અસ્તિત્વ કેવી રીતે જાળવી રાખે છે. એક બાબત ચોક્કસ છે કે બિહારની રાજનીતિ હવે નવા અધ્યાય તરફ આગળ વધી રહી છે.

## શબ્દ સંજોગ-૨૧૫૮



**આડી ચાવી :**
(૧) ઉજજડ, વેરાન (૩)
(૪) જઠર, પેટ (૩)
(૭) યોજના કરનાર (૩)
(૮) નાણુ,સોનુ (૨)
(૯) પિતાની પત્ની (૨)
(૧૦) દર, ભાવ (૩)
(૧૨) વિદ્યાર્થીની ચોપડીઓ રાખવાની થેલી (૪)
(૧૪) નહિ (૧)
(૧૫) લીટી, રેખા (૨)
(૧૭) પરમેશ્વર, પરવરદિગાર (૨)
(૧૮) ભાગે નહિ પણ વળે એવુ નરમ (૪)
(૨૦) મરણ, મૃત્યુ (૨)
(૨૧) ફાટ, ચીરો (૩)
(૨૨) શક, સંવત (૨)
(૨૪) આશ્રય, ઓથ (૩)
(૨૫) ઘણો સખત ઠાર (૨)
(૨૬) દીવાની જોત (૨)
(૨૭) માલ, પૂંજી (૩)
(૨૮) ગળામાં પહેરવાની સેર (૨)
(૨૯) ભાગ, જમીનનો ટુકડો (૩)
(૩૦) દાઝવાથી થતી પીડા (૪)

**ઉભી ચાવી :**
(૧) માનતા પૂરી કર્યા પછી પૂજારીની આશિષ મેળવવી તે (૨)
(૨) યજ્ઞ કરાવવો તે (૩)
(૩) નહિ તો, નીકર (૩)
(૪) પાણીનો કુંડ (૨)
(૫) પીળુ, ઝાંખુ પીળુ (૩)
(૬) હાર, અલગાર (૩)
(૯) આબાદ, સધ્ધર (૪)
(૧૧) ખાનાવાળી કોથળી (૩)
(૧૩) હુકમ (૪)
(૧૬) મારેલી ધાતુ (૨)
(૧૮) તરંગ, મોજાુ (૩)
(૧૯) જાતિ, નાત (૩)
(૨૧) કાબૂ, નિયમન (૨)
(૨૨) સરખી સપાટીનું (૪)
(૨૩) સાંકડા મોનુ પાણી ભરવાનું વાસણ (૩)
(૨૫) ગણના, ગણતરી (૩)
(૨૬) પતિ કે પત્નીના પિતા(૩)

## શબ્દ સંજોગ-૨૧૫૭ જવાબ

**આડી ચાવી:** (૧) વિવેકાનંદ (૪) પસંદ (૬) રામણ (૭) કમાલ (૯) છલ (૧૩) ટીપ (૧૫) વડ (૧૬) કરોડ (૧૯) પડી (૨૦) તહસીલ (૨૨) અરે (૨૪) કરાંશી (૨૫) ખોડ (૨૬) પડવો (૨૭) લપેટ. **ઉભી ચાવી:** (૧) વિવેક (૨) કાજોલ (૩) દરાજ (૪) પણછ (૫) દલ (૮) માર્કંડ (૧૦) લટી (૧૧) અક (૧૨) સોડ (૧૪) પદ્મ (૧૫) વળતર (૧૭) રોમ (૧૮) માસી (૧૯) પરે (૨૧) લકવો (૨૨) અશીલ (૨૩) ગોડ (૨૫) ખોટ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૬૦ | ૧૫૯૦ |
| ઘઉં લોક્વન | ૪૩૮ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૯૧૦ | ૧૦૭૧ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૧૧૦ | ૧૬૯૪ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૫૪ |
| મગ | ૧૦૫૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૪૦૦ | ૧૦૫૮ |
| ચોળી | ૧૨૪૫ | ૧૪૭૫ |
| વટાણા | ૭૨૦ | ૧૨૦૧ |
| રાજમા | ૮૦૦ | ૧૬૭૫ |
| મગફળી જાડી | ૧૦૭૫ | ૧૫૧૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૭૪ |
| તલી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૨૦૧ | ૧૨૫૪ |
| અજમો | ૧૮૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૪૬ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૮૩૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૮૫૦ |
| લસણ | ૮૫૫ | ૧૫૯૦ |
| ધાણા | ૧૭૫૦ | ૨૦૦૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૭૮૫૦ |
| ધાણી | ૧૯૦૦ | ૨૬૦૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૧૬૧૬ |
| જીરૂ | ૩૫૪૧ | ૪૨૩૪ |
| રાય | ૧૧૦૦ | ૧૩૪૫ |
| મેથી | ૯૦૦ | ૧૫૪૫ |
| અશેરીયો | ૯૦૦ | ૧૧૪૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૧૪૩ |
| રાયડો | ૯૫૦ | ૧૧૪૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૨૦૭ | ૨૪૧૩ |
| સાકરટેટી | ૨૧૩ | ૩૯૭ |
| તરબુચ | ૪૧૧ | ૬૦૭ |
| પપૈયા | ૯૪ | ૧૭૩ |
| બટેટા | ૯૭ | ૨૨૮ |
| ડુંગળી સુકી | ૬૧ | ૨૫૫ |
| ટમેટા | ૧૯૪ | ૩૧૧ |
| સુરણ | ૭૯૧ | ૧૦૦૭ |
| કોથમરી | ૧૮૮ | ૨૯૪ |
| સકરીયા | ૫૦૩ | ૭૧૧ |
| મુળા | ૩૨૯ | ૫૩૭ |
| રીંગણા | ૧૯૬ | ૩૦૮ |
| કોબીજ | ૮૪ | ૧૦૯ |
| ફ્લાવર | ૧૫૮ | ૩૧૩ |
| ભીંડો | ૮૧૪ | ૧૦૨૧ |
| ગુવાર | ૧૨૧૩ | ૧૬૦૪ |
| ચોળાસીંગ | ૭૯૨ | ૧૨૧૬ |
| વાલોળ | ૩૮૦ | ૫૦૭ |
| ટીંડોળા | ૩૨૭ | ૬૨૩ |
| દુધી | ૯૪ | ૧૪૩ |
| કારેલા | ૮૦૬ | ૧૦૧૧ |
| સરગવો | ૩૯૮ | ૮૧૧ |
| તુરીયા | ૪૦૬ | ૬૧૩ |
| પરવર | ૧૨૨૯ | ૧૬૪૪ |
| કાકડી | ૩૦૬ | ૫૦૭ |
| ગાજર | ૨૧૭ | ૩૫૨ |
| વટાણા | ૫૦૬ | ૭૧૪ |
| તુવેરસીંગ | ૫૦૭ | ૮૦૬ |
| ગલકા | ૧૯૮ | ૩૦૭ |
| બીટ | ૧૦૬ | ૨૨૮ |
| મેથી | ૨૦૯ | ૩૧૪ |
| વાલ | ૫૯૮ | ૮૦૭ |
| ડુંગળી લીલી | ૨૫૬ | ૩૯૪ |
| આદુ | ૧૦૨૪ | ૧૨૧૨ |
| મરચા લીલા | ૬૦૮ | ૮૦૭ |
| લસણ લીલું | ૯૧૩ | ૧૪૩૧ |
| મકાઇ લીલી | ૨૦૭ | ૩૨૮ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૧૧ | ૧૫૫૧ |
| મગફળી જીણી | ૧૧૦૧ | ૧૪૮૬ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૫૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૧ | ૧૨૪૬ |
| ધાણા | ૧૨૫૧ | ૨૩૭૬ |
| મરચા સૂકા પટ્ટો | ૧૮૦૧ | ૯૫૦૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૪૨૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૭૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૪૫૧ |
| મઠ | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૧૦૧ | ૧૬૧૧ |
| રાયડો | ૮૦૧ | ૧૦૭૬ |
| રાય | ૬૦૧ | ૧૨૪૧ |
| મેથી | ૮૭૬ | ૧૪૧૧ |
| કાંગ | ૫૩૧ | ૫૩૧ |
| મરચા | ૧૯૦૧ | ૬૫૦૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૪૮૧ |
| નવું લસણ | ૬૯૧ | ૧૨૩૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૧૪૧ |
| ધાણી | ૧૩૫૧ | ૨૯૫૧ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૨૬૧ |
| બાજરો | ૪૪૧ | ૪૪૧ |
| જુવાર | ૭૨૬ | ૧૦૬૧ |
| વાલ | ૭૭૬ | ૧૧૭૬ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૮૦૧ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૪૧ |
| કળથી | ૩૭૬ | ૩૭૬ |
| ગોગળી | ૮૪૧ | ૧૧૩૧ |
| વટાણા | ૬૨૬ | ૯૭૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૩૪૦ |
| મરચા | ૪૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૩૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૧૬૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૮૦ | ૬૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૪૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૫ | ૧૫ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ઘીસોડા | ૧૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૭ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૮૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૫ |
| પાલક પુરા | ૧ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૯૦ | ૧૩૧૫ |
| શિંગ ગીરનાર | ૧૩૬૦ | ૧૪૪૦ |
| શિંગ મોટી | ૯૭૦ | ૧૫૩૦ |
| શિંગદાણા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૬૧૫ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૧૮૯૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૦૮૦ |
| તલ કાશમીરી | ૧૯૩૦ | ૧૯૩૦ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૫૫ |
| ઘઉં લોકવન | ૩૯૫ | ૫૨૫ |
| મકાઈ | ૩૫૫ | ૪૬૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૭૮૦ | ૧૦૫૦ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| વટાણા | ૬૨૫ | ૬૨૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૬૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૧૯૦ |
| રાયડો | ૯૩૫ | ૧૦૭૦ |
| રાય | ૧૧૫૦ | ૧૧૭૦ |
| ધાણા | ૧૬૫૦ | ૨૪૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૩૨૫૦ |
| અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૩૫ |
| સોયાબીન | ૭૫૦ | ૧૦૨૦ |
| મરચા લાંબા | ૧૨૪૦ | ૬૨૫૦ |
| મરચા ધોલર | ૨૨૦૦ | ૮૨૫૦ |
| કાંગ | ૫૩૫ | ૫૩૫ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૮૦ |
| કોબીજ | ૧૧૦ | ૧૫૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૬૦ |
| સુરણ | ૮૩૦ | ૯૨૦ |
| ગાજર | ૨૪૦ | ૩૪૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૨૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૨૧૦ | ૩૧૦ |
| કાકડી | ૨૨૦ | ૩૩૦ |
| ગુવાર | ૧૨૨૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૩૦ |
| વટાણા | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૨૦ |
| બીટ | ૨૦૦ | ૨૪૦ |
| સરગવો | ૪૫૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૨૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૧૫૩૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૪૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૨૧ |
| શીંગ મોટી | ૧૨૫૦ | ૧૫૩૧ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૨૫ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૭૩૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૮૨૫ |
| કપાસ | ૧૩૨૦ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| બાજરો | ૫૦૦ | ૬૧૨ |
| જુવાર | ૭૫૦ | ૯૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૪૦ |
| એરંડી | ૧૧૨૦ | ૧૨૩૮ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૬૫૧ | ૨૪૩૧ |
| સોયાબીન | ૯૦૦ | ૯૯૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| મગફળી | ૧૦૨૦ | ૧૨૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૬ |
| ધાણા | ૧૫૭૦ | ૨૦૨૧ |
| રાઈ | ૧૦૪૫ | ૧૦૪૫ |
| રાયડો | ૧૦૨૨ | ૧૦૩૨ |
| એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ઘઉ લોકવન | ૩૪૦ | ૪૩૪ |
| ઘઉ ટુકડા | ૪૨૦ | ૪૩૫ |
| ચણા | ૯૮૦ | ૧૦૨૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૯૩૦ |
| ધાણી | ૧૮૪૫ | ૧૯૪૫ |
| મેથી | ૭૬૫ | ૮૬૫ |
| શીંગદાણા | ૧૩૪૦ | ૧૩૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૧૩૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૬૫ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ સુપર | ૧૪૦૦ | ૧૫૯૦ |
| કપાસ મીડીયમ | ૧૧૮૦ | ૧૩૯૦ |
| મગફળી | ૧૨૭૦ | ૧૩૭૫ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૨૯૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૩૨ |
| ધાણા | ૧૮૫૦ | ૨૪૦૦ |
| ઘઉ | ૪૮૦ | ૫૪૦ |
| તુવેર | ૧૩૨૫ | ૧૪૨૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૧૫ |
| ચણા | ૯૦૧ | ૧૦૪૬ |
| અડદ | ૧૦૫૧ | ૧૪૨૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૧૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૮૨૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૨૭૧ |
| સોયાબીન | ૮૦૧ | ૯૫૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૦૪૦ | ૧૧૬૮ |
| શીંગ ૩૯ | ૧૧૫૦ | ૧૨૪૭ |
| શીંગ જી-૨૦ | ૧૨૯૫ | ૧૫૬૫ |
| એરંડા | ૧૨૩૪ | ૧૨૩૭ |
| જુવાર | ૪૫૧ | ૧૦૧૩ |
| બાજરી | ૩૧૧ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૪૧ |
| મકાઈ | ૨૫૫ | ૨૫૫ |
| અડદ | ૩૭૫ | ૧૦૪૦ |
| મગ | ૫૭૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૪૦૧ | ૧૮૯૯ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૨ |
| તલ સફેદ | ૨૦૩૩ | ૨૦૩૩ |
| તલ કાળા | ૧૧૯૯ | ૩૫૦૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૮ |
| જીરૂ | ૭૭૦ | ૪૩૭૫ |
| ડુંગળી લાલ | ૮૦ | ૧૯૩ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૩૪૬ |
| કપાસ શંકર | ૧૧૦૦ | ૧૫૦૯ |
| નાળીયેર | ૬૮૦ | ૨૫૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૭૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૪૬૨ |
| રાય | ૧૦૫૦ | ૧૨૯૮ |
| રાયડો | ૯૦૦ | ૧૦૫૮ |
| મેથી | ૮૫૦ | ૧૧૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૨૩ |
| અડદ | ૭૦૦ | ૧૫૬૫ |
| ચણા | ૯૨૫ | ૧૦૩૫ |
| સોયાબીન | ૯૨૫ | ૧૦૦૭ |
| ધાણા | ૧૨૦૦ | ૨૧૩૦ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૯૬ | ૧૫૪૦ |
| મગફળી | ૮૫૧ | ૯૫૧ |
| ચણા | ૧૦૧૭ | ૧૦૩૦ |
| સોયાબીન | ૮૯૫ | ૮૯૫ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૨૫૨ | ૧૪૯૦ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૦ |
| બાજરો | ૨૫૫ | ૬૧૧ |
| ઘઉં | ૪૦૦ | ૪૦૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| બાજરો | ૩૨૫ | ૩૯૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૬ |
| મગ | ૭૦૦ | ૧૦૫૦ |
| અડદ | ૧૧૭૫ | ૧૨૬૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૯૦ |
| વાલ | ૭૦૦ | ૧૧૦૫ |
| મેથી | ૧૧૬૦ | ૧૨૬૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૬ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૬૨૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૫૭૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૩૧૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૬ |
| તલ | ૧૯૦૦ | ૧૯૨૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૬૫ |
| રાઈ | ૧૧૫૦ | ૧૩૯૬ |
| લસણ | ૮૩૦ | ૧૩૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૨૦૨૫ | ૪૩૦૫ |
| અજમો | ૧૫૦૦ | ૩૦૯૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૦૦૦ |
| ધાણા | ૧૩૮૦ | ૨૦૫૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૬૩૫ |
| મરચા | ૧૩૭૦ | ૪૧૪૫ |
| ડુંગળી | ૪૦ | ૨૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૨૧ |
| વટાણા | ૬૦૦ | ૯૪૫ |
| રાજમા | ૧૨૦૦ | ૧૫૩૫ |

### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| ચણા | ૧૦૧૪ | ૧૦૧૪ |
| તુવેર | ૧૨૮૫ | ૧૨૮૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૦૦ | ૧૩૨૦ |
| તલ સફેદ | ૧૬૦૧ | ૧૬૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| બાજરો | ૩૨૧ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૫૧ |
| જુવાર | ૭૫૧ | ૧૧૫૨ |
| મકાઈ | ૫૧૧ | ૫૧૧ |
| મગ | ૧૦૦૦ | ૨૭૧૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૧૯ |
| ચણા | ૭૭૬ | ૧૦૨૫ |
| ધાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૫૭ | ૭૫૭ |
| રાય | ૯૫૦ | ૧૩૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

શિલ્પ ઓર્ગેનાઈઝેશન સુરેન્દ્રનગર અને સર તખ્તસિંહજી હોસ્પિટલ ભાવનગરના સંયુક્ત ઉપક્રમે

# મહુવા તાલુકામાં માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન હાથ ધરાયું

અમરેલી,તા.૦૬

શિલ્પ ઓર્ગેનાઈઝેશન સુરેન્દ્રનગર અને સર તખ્તસિંહજી હોસ્પિટલ ભાવનગરના સંયુક્ત ઉપક્રમે મહુવા તાલુકાની વિવિધ શાળાઓ અને સંસ્થાઓમાં માનસિક આરોગ્ય સેમિનારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમ અંતર્ગત હનુમંત નર્સિંગ કોલેજ, ઓમ ઈન્સ્ટિટ્યૂટ, વ્યાયામ મંદિર તેમજ ઓથા, બગદાણા, નાના જાદરા, કુંભણ, સેદરડા, બોરડી અને બેલમપરની સરકારી હાઈસ્કૂલોમાં જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. વર્તમાન સમયની ભાગદોડ ભરી જિંદગીમાં વધતા જતા માનસિક તણાવ અને આત્મહત્યાના બનાવોને રોકવા માટે આ એક મહત્વનું પગલું છે. ખાસ કરીને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને પરિણામથી નાસીપાસ ન થાય તે માટે તેમને ખાસ માર્ગદર્શન આપી પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.આ

**ધો.૧૨ના વિદ્યાર્થીઓ ભયમુક્ત પરીક્ષા આપી શકે તે માટે પત્રિકાનું વિતરણ કરાયુ**

સેમિનારમાં ડોક્ટરો અને શિલ્પ ઓર્ગેનાઈઝેશનના સામાજિક કાર્યકર નરેન્દ્ર મકવાણા, સાગર ગોહિલ, પિયુષ સરવૈયા અને ઓમ મકવાણાએ હાજર રહી વિદ્યાર્થીઓને આત્મહત્યા ન કરવાના શપથ લેવડાવ્યા હતા.

## બગસરા સ્વામિનારાયણ મંદિર ખાતે હિન્દુ સંમેલન યોજાયું




તસવીર : મયુર પંડયા

બગસરામાં આરએસએસના શતાબ્દિ વર્ષ નિમિત્તે સ્વામિનારાયણ મંદિર ખાતે વિરાટ હિન્દુ સંમેલન યોજાયુ હતુ. આ સંમેલનમાં સ્વામિનારાયણ મંદિરના સંતો, આપાગીગાની જગ્યાના મહંત જેરામ બાપુ હાજર રહ્યાં હતા. સંમેલનમાં વક્તા તરીકે નિલેશભાઈ ગોલ, અતિથિ વિશેષ તરીકે ચંદ્રહાસભાઈ બસીયા હાજર રહ્યાં હતા. વિરાટ હિન્દુ સંમેલનમાં મોટી સંખ્યામાં સનાતનીઓ ઉપસ્થિત રહ્યાં હતા તેમ મહારાણા પ્રતાપ હિન્દુ સંમેલન સમિતિના અધ્યક્ષ ઘનશ્યામ હિરપરા, મંત્રી જયેશ પંડયા અને ઉપાધ્યક્ષ અમૃતભાઈ માલવીયાની યાદીમાં જણાવાયુ છે.

# કોડીનારના ખેડૂતોની આઈ.પી.એલ.કંપનીની બેદરકારી સામે કેન્દ્રીય મંત્રીને રજૂઆત

**શેરડીના પાકનો નિકાલ ન થતા ખેડૂતો આર્થિક સંકટમાં**

કોડીનાર,તા.૦૬

શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગને ભાડા પટ્ટે ચલાવતી ઈન્ડિયન પોટાસ લિમિટેડ (IPL) કંપનીની ગંભીર બેદરકારી સામે આવી છે. કંપનીના પ્રોત્સાહનથી ખેડૂતોએ શેરડીનું વાવેતર કર્યું હતું, પરંતુ ૧૬ માસ વીતી જવા છતાં હજુ સુધી શેરડીનું કટિંગ કરવામાં આવ્યું નથી. પરિણામે ઊભો પાક ખેતરમાં જ સડી રહ્યો છે અને ખેડૂતો આગામી ઉનાળુ પાક લેવામાં પણ અસમર્થ બન્યા છે. આ કપરી પરિસ્થિતિમાં કંપનીના અધિકારીઓ સહકાર આપવાને બદલે ખેડૂતો સાથે અપમાનજનક વર્તન કરી રહ્યા છે. આ મુદ્દે રાષ્ટ્રીય કિસાન સંગઠનના અગ્રણી મહેશભાઈ બારડ દ્વારા કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિતભાઈ શાહને લેખિત રજૂઆત કરી ત્વરિત વળતર અને ન્યાયની માંગ કરવામાં આવી છે.

કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

# નાની કુંકાવાવ અને સનાળા ગામે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**અંદાજે ૨૦૦ હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈનો સીધો લાભ મળશે**

અમરેલી,તા.૦૬



અમરેલી જિલ્લાના નાની કુંકાવાવ અને સનાળા મુકામે 'સૌની યોજના' લિંક-૪ અંતર્ગત વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સંપન્ન થયું હતું. આ પ્રકલ્પ હેઠળ આશરે રૂ. ૧.૮૭ કરોડના ખર્ચે સ્કાવર વાલ્વ, પાઈપલાઈન, એર વાલ્વ ચેમ્બર અને એનર્જી ડિસીપેશન સ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય નર્મદાના નીરને સનાળા ગ્રામ્ય વિસ્તારના હયાત તળાવ સુધી પહોંચાડવાનો છે, જેનાથી અંદાજે ૨૦૦ હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈનો સીધો લાભ મળશે. આ પ્રસંગે મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનને કારણે આજે નર્મદાના નીર ઘર-ઘર સુધી પહોંચ્યા છે અને સૌરાષ્ટ્રની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ઉમેર્યું કે આ સુવિધાથી ખેતીપાકને પૂરતું પાણી મળશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરશે. આ કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનું નિધન થતા ઘેરો શોક

ઉમરેઠ,તા.૦૬

ગુજરાતના રાજકારણમાં એક મોટા સમાચાર સામે આવ્યા છે જેમાં ઉમરેઠ બેઠકના લોકપ્રિય ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ગોવિંદભાઈ રાયજીભાઈ પરમારનું હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું છે. ૧૫મી ગુજરાત વિધાનસભાના સક્રિય સભ્ય એવા ગોવિંદભાઈને વહેલી સવારે અચાનક હાર્ટએટેક આવતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા પરંતુ કમનસીબે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ પોતાની સાદગી અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતા હતા અને તેમણે સરકારમાં મંત્રી તરીકે પણ પ્રશંસનીય કામગીરી કરી હતી. તેમના નિધનથી ભારતીય જનતા પાર્ટીએ એક નિષ્ઠાવાન અને અનુભવી પાયાના કાર્યકર ગુમાવ્યા છે જ્યારે ઉમરેઠની બેઠક ખાલી પડી છે. મુખ્યમંત્રી અને અન્ય રાજકીય નેતાઓએ આ ખોટ પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રધ્ધાંજલિ પાઠવી છે.

# રાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધા અંડર-૧૫માં ગીર સોમનાથના ખેલાડીને બ્રોન્ઝ મેડલ મળ્યો

ગીર સોમનાથ,તા.૦૬

ભારતીય કુસ્તી સંઘ દ્વારા તમિલનાડુના સેલમ ખાતે અંડર-૧૫ નેશલ રેસલિંગ ચેમ્પિયનશિપનું આયોજન ૨૪/૦૨/૨૦૨૬ થી ૦૨/૦૩/૨૦૨૬ સુધી કરવામાં આવેલ હતું. આ નેશનલ સ્પર્ધામાં ભારત દેશના અલગ-અલગ રાજ્યોએ ભાગ લીધેલ હતો, જેમાં ગુજરાત રાજ્યનો પ્રતિનિધિત્વ તરીકે ડી એ લ એ સ એ સ સોમનાથ એકેડેમી કોડીનાર ગીર સોમનાથના ખેલાડીએ ભાગ લીધો હતો. એકેડેમીના ખેલાડીઓએ આ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી રાજ્ય અને ગીર સોમનાથ જિલ્લાને ગૌરવ અપાવેલ છે. ખેલાડી ભરવાડ સંજયને ૭૫ કેજી સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મળેલ છે. આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ એકેડેમીના પ્રમુખ કરશનભાઈ સોલંકી, સ્પોર્ટ્સ ડાયરેક્ટર સંજયસિંહ સોલંકી કુસ્તી કોચ નરેશકુમાર ચૌધરી, આસિસ્ટન્ટ કોચ વિવેકભાઈ તથા ડી.એલ. એસ.એસ વિભાગ તથા સોમનાથ એકેડેમી શાળા પરિવાર અને બ્રોન્ઝ મેડલ મેળવેલ ખેલાડીને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.



# કોડીનારમાં પોલીસે જુગાર રમતા પાંચ અને દારુ સાથે એક શખ્સની ધરપકડ કરી

કોડીનાર,તા.૦૬



તસવીર : ધર્મેશ પાઠક

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.કે. વણારકાના માર્ગદર્શન હેઠળ પોલીસે બે અલગ-અલગ દરોડા પાડી સફળતા મેળવી છે. પ્રથમ કાર્યવાહીમાં મામલતદાર ઓફિસ રોડ પર પાર્ક કરેલી બસની આડમાં જુગાર રમતા મુકેશ કામળીયા, સંજય બાંભણિયા સહિત કુલ ૫ ઈસમોને રૂ. ૨૦,૫૪૦ની રોકડ અને જુગારના સાહિત્ય સાથે ઝડપી લેવાયા છે. બીજા દરોડામાં, ઘાટવડ ગામેથી સાજીદ ઉર્ફે મિઠુ અગવાન નામના શખસને રૂ. ૪૦,૬૫૦ની કિંમતના વિદેશી દારૂ અને બીયરના જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યો છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## :: અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા ગામે આવેલ સીટી સર્વે નંબર ૩૨૯૩ પૈકીમાં આવેલ બીલ્ડીંગના ફર્સ્ટ ફલોરની કુલ ૧૨૮-૦૦ ચો. મી. વાળી મીલકત તથા સીટી સર્વે નંબર ૩૨૯૩ પૈકીમાં આવેલ બીલ્ડીંગના ફર્સ્ટ ફલોરની કુલ ૧૨૪-૮૦ ચો. મી. વાળી મીલકત કરણ લોકબહાદુરભાઈ નેપાળીની માલીકી કબજા ભોગવટાની મીલક્ત આવેલ છે

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૩૩૯ તા. ૬/૬/૨૦૧૨ કે જે બીપીનભાઈ વાલજીભાઈ બાંભરોલીયાની તરફેણનો છે. તેમજ અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૩૪૦ તા. ૬/૬/૨૦૧૨ કે જે પ્રવિણભાઈ અરજણભાઈ ઠુમ્મર ની તરફેણનો છે. જે બંને અસલ વેચાણ દસ્તાવેજો ખોવાઈ ગયેલ છે. આ બંને અસલ વેચાણ દસ્તાવેજો ખોવાઈ ગયેલ છે તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક-હીત સંબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોક્ત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવું માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૭/૦૩/૨૦૨૬
અમરેલી.

**અજય જે. રાઠોડ**
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે
હરીરામ હોલસેલ માર્કેટ,
કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી.
Mo. ૯૮૨૪૯ ૩૯૩૧૬

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

મૂળ અમરેલી હાલ સાવરકુંડલા ગૌ.વા. કોંઢીયા વસંતરાય અંબાવીદાસ અને ભારતીબેન વસંતરાય કોંઢીયાના પુત્ર સત્યમ અને કાજલબેન સત્યમભાઈ કોંઢીયાની પુત્રી કેસર (ઉ.વ.૮)નું તા.૦૬/૦૩/૨૦૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૦૭/૦૩/૨૦૨૬ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાને " ગોકુલ ", કંડોળીયા શેરી, ગાંધીચોક, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૬૭/૨૦૨૬ | તા.૨૫/૦૨/૨૦૨૬

**વિવાદી-** શ્રી કાનાણી કિશોરભાઈ દેવરાજભાઈ
મુ.આટકોટ તા. જસદણ જિ. રાજકોટ

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી, ગરણી
ગરણી ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

### -// જાહેર નોટીસ //-
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી કાનાણી બંસી કિશોરભાઈની જન્મ તા.૧૦/૦૬/૧૯૯૯ ના રોજ મોજે- ગરણી, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૯/૦૨/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

## મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૦/૨૦૨૬ | તા.૨૫/૦૨/૨૦૨૬

**વિવાદી-** શ્રી બાબરીયા રીટાબેન નાગજીભાઈ
મુ.ઠે.મ.નં.બી-૩૬૦, મહાલક્ષ્મી સોસાયટી, યોગીચોક, પૂણાગામ,
ચોરાસી, બોમ્બે માર્કેટ, સુરત તા.જિ.સુરત મો. ૯૯૨૪૦ ૬૩૫૫૬

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદીઃ-** જન્મ-જન્મ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી, ત્રંબોડા
ત્રંબોડા ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

### -// જાહેર નોટીસ //-
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, સુરત જિલ્લાના સુરત તાલુકાના સુરત શહેરના રહીશ આ કામના અરજદારશ્રી રીટાબેન નાગજીભાઈબાબરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ મોજે- ત્રંબાડા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૩/૦૨/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૮/૨૬ | તા.૨૪/૦૨/૨૦૨૬

**વિવાદી :-** શ્રી સમા શેરબાનુ અબ્દુલભાઈ
રહે.સેતાપાટી, લાઠી, તા.લાઠી, જી.અમરેલી મો.૯૮૯૮૫૩૫૩૯૧
અરજદારશ્રીના વિ.વ.શ્રી ભુપેન્દ્રભાઈ સી. સેજુ લાઠી

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
નગરપાલીકા મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

### -// નોટીસ //-
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રીનો સમા શહેનાઝબેન અબ્દુલભાઈ નો જન્મ તા.૩૦/૦૯/૧૯૮૧ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.88/2026
જન્મ તારીખ : 01/06/1969

શ્રી મરીયમબેન ગનીબેન વાકોટ,
રહે.છાછર, ગામ-છાછર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત છાછર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મરીયમબેન ગનીબેન વાકોટ, રહે.છાછર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગનીભાઈ ગફુલભાઈ વાકોટ તથા મરીયમબેન ગનીભાઈ વાકોટ ના પુત્ર દાઉદભાઈ ગનીભાઈ વાકોટનો જન્મ તારીખ.01/06/1969ના રોજ કોડીનાર તાલુકાના છાછર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.83/2026
જન્મ તારીખ : 04/06/1968

શ્રી દેવાભાઈ નથુભાઈ પાંજરી,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત માઢવાડ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી દેવાભાઈ નથુભાઈ પાંજરી, રહે.માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી દેવાભાઈ નથુભાઈ પાંજરી તથા દેવીબેન દેવાભાઈ પાંજરી ના પુત્રી હીરાબેન દેવાભાઈ પાંજરીનો જન્મ તારીખ.04/06/1968ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.97/2026
જન્મ તારીખ : 20/01/1973

ફાતમાબેન હયાતખાન પઠાણ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ફાતમાબેન હયાતખાન પઠાણ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હયાતખાન દોલતખાન પઠાણ તથા ફાતમાબેન હયાતખાન પઠાણ ના પુત્ર હુસેનખાન હયાતખાન પઠાણનો જન્મ તારીખ.20/01/1973ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.


આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# મધ્ય પૂર્વમાં ચાલતી 'અસામાન્ય' સ્થિતિ વૈશ્વિક અર્થતંત્ર માટે જોખમી : સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

કોલકાતા, તા.૦૬

ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સંઘર્ષ પર ચિંતા વ્યક્ત કરતા ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ પરિસ્થિતિને અત્યંત 'અસામાન્ય' ગણાવી છે. કોલકાતામાં દરિયાઈ પરિષદ 'સાગર સંકલ્પ'ને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ અને પર્શિયન ગલ્ફમાં વધતો તણાવ વૈશ્વિક ઉર્જા સુરક્ષા અને સપ્લાય ચેઈન પર સીધી અસર કરી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, જે રીતે હવામાં, સમુદ્રમાં અને હવે અવકાશમાં દેશો વચ્ચે સ્પર્ધા વધી રહી છે તે ચિંતાનો વિષય છે.



સંરક્ષણ મંત્રીએ આશંકા વ્યક્ત કરી કે આ અસામાન્યતા હવે 'નવી સામાન્યતા' બની રહી છે. દરિયાઈ સુરક્ષા પર ભાર મૂકતા તેમણે કહ્યું કે હવે સમુદ્રી માર્ગો માત્ર વેપાર પૂરતા મર્યાદિત નથી, પરંતુ વ્યૂહાત્મક સ્વાયત્તતા માટે મહત્વપૂર્ણ પાયો છે. ભારતની વધતી શક્તિનો ઉલ્લેખ કરતા રાજનાથ સિંહે જણાવ્યું કે ભારત હવે 'બિલ્ડર્સ નેવી' બની ગયું છે. ભારતીય નૌકાદળના તમામ યુદ્ધ જહાજો અને સબમરીન હવે સ્વદેશી શિપયાર્ડ્સમાં જ તૈયાર થઈ રહ્યા છે. આત્મનિર્ભરતા હવે માત્ર સૂત્ર નથી પણ વાસ્તવિકતા છે, જે ભારતને બદલાતી ભૂ-રાજનીતિમાં નેતૃત્વ પૂરૂ પાડવા સક્ષમ બનાવશે.

# આસામમાં વાયુસેનાનું સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર જેટ ક્રેશ, બે જાંબાઝ પાઈલોટ શહિદ

ગુવાહાટી, તા.૦૬

આસામના કાર્બી આંગલોંગ વિસ્તારમાં ભારતીય વાયુસેનાનું અત્યાધુનિક સુખોઈ-૩૦ એમકેઆઈ (Su-30 MKI) ફાઈટર જેટ ક્રેશ થવાની દુખદ ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરાગકર શહિદ થયા છે. માહિતી મુજબ, ફાઈટર જેટે ગુરુવારે સાંજે આસામના જોરહાટ



એરબેઝથી તાલીમ સત્ર માટે ઉડાન ભરી હતી. ઉડાન ભર્યાના થોડા સમય બાદ, રાત્રે ૭:૪૨ વાગ્યે વિમાનનો રડાર સંપર્ક તૂટી ગયો હતો. શોધખોળ દરમિયાન જાણવા મળ્યું કે વિમાન જોરહાટથી ૬૦ કિમી દૂર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. સ્થાનિક લોકોએ આકાશમાં વિમાન નીચે ઉતરતા જોયા બાદ પ્રચંડ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હોવાનું જણાવ્યું હતું. રશિયન બનાવટના સુખોઈ જેટ ભારતીય વાયુસેનાની કરોડરજ્જુ સમાન છે અને ભારત હાલમાં આવા ૨૦૦થી વધુ વિમાનોનું સંચાલન કરે છે. વાયુસેનાએ આ મામલે 'કોર્ટ ઓફ ઈન્ક્વાયરી'ના આદેશ આપ્યા છે જેથી અકસ્માત પાછળના ચોક્કસ ટેકનિકલ કારણો જાણી શકાય. સંરક્ષણ પીઆરઓએ પુષ્ટિ કરી છે કે સર્ચ અને રેસ્ક્યુ ટીમે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.

## ખામેનીના નિધન બાદ કાશ્મીરની ખીણમાં ભારે તણાવથી સુરક્ષા સઘન બનાવાઈ

શ્રીનગર, તા.૦૬


ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના નિધનના વિરોધમાં કાશ્મીર ખીણમાં સતત છઠ્ઠા દિવસે તણાવપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી છે. સંભવિત હિંસક પ્રદર્શનોને રોકવા માટે વહીવટીતંત્રે શ્રીનગર સહિત અનેક વિસ્તારોમાં કડક પ્રતિબંધો લાદ્યા છે. સાવચેતીના ભાગરૂપે શૈક્ષણિક સંસ્થાઓ બંધ રખાઈ છે અને મોબાઈલ ઈન્ટરનેટની સ્પીડ પણ ઘટાડી દેવામાં આવી છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ધાર્મિક અને સામાજિક નેતાઓ સાથે બેઠક યોજી શાંતિની અપીલ કરી છે.

લાલ ચોક અને ક્લોક ટાવર જેવા વિસ્તારોને બેરિકેડ્સ લગાવી સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવ્યા છે. પોલીસ અને CRPFના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ ખીણમાં આટલા મોટા પાયે વિરોધ પ્રદર્શનો પ્રથમવાર જોવા મળી રહ્યા છે.

## બોમ્બે હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો : સુરક્ષા સાથે ચેડા કરી કોઈપણ સ્થળે નમાઝ પઢવી એ ધાર્મિક અધિકાર નથી

મુંબઈ, તા.૦૬

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક નમાઝ પઢવા માટે પરવાનગી માંગતી ટેક્સી-રિક્ષા યુનિયનની અરજીને બોમ્બે હાઈકોર્ટે ફગાવી દીધી છે. જસ્ટિસ બી.પી. કોલાબાવાલા અને ફિરદોસ પૂનાવાલાની બેન્ચે સ્પષ્ટ કર્યું કે, ગંભીર સુરક્ષા જોખમો હોય તેવી જગ્યાએ



નમાઝ પઢવી એ કોઈનો મૌલિક ધાર્મિક અધિકાર હોઈ શકે નહીં. કોર્ટે એરપોર્ટ સુરક્ષાને પ્રાથમિકતા આપતા જણાવ્યું કે, રક્ષા સાથે કોઈ બાંધછોડ કરી શકાય નહીં. યુનિયને અગાઉના કામચલાઉ શેડને ફરીથી બનાવવા માંગ કરી હતી, પરંતુ સાત અલગ સ્થળોના સર્વે બાદ સુરક્ષા અને એરપોર્ટ વિકાસ યોજનાને જોતા કોઈ જગ્યા યોગ્ય જણાઈ ન હતી. કોર્ટે નોંધ્યું કે ૧ કિલોમીટરની અંદર મદરેસાની સુવિધા ઉપલબ્ધ છે. જોકે, ભવિષ્યમાં ટર્મિનલ-૧ ના પુનઃવિકાસ સમયે ડ્રાઈવરો માટે પ્રાર્થના સ્થળ ફાળવવા પર વિચાર કરવાનું આશ્વાસન આપ્યું છે.

## પશ્ચિમ બંગાળમાં 'સર'ની કામગીરીને લઈ મમતા બેનર્જી ધરણા પર બેઠા

કોલકાતા,તા.૦૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શુક્રવારે કોલકાતાના એસ્પ્લેનેડ મેટ્રો ચેનલ પાસે મતદાર યાદીમાંથી નામ હટાવવા સામે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. તેમણે ભાજપ અને ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવતા જણાવ્યું કે બંગાળી મતદારોને મતાધિકારથી વંચિત રાખવાનું વ્યવસ્થિત ષડયંત્ર રચાઈ રહ્યું છે. ટીએમસી પ્રમુખે દાવો કર્યો કે સુધારેલી યાદીમાં અનેક



જીવિત મતદારોને મૃત જાહેર કરી દેવાયા છે, જેમને તેઓ રૂબરૂ રજૂ કરીને આ અન્યાયનો પર્દાફાશ કરશે. ચૂંટણી પંચની ટીમની મુલાકાત પૂર્વે શરૂ થયેલા આ ધરણાએ રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે.

# પાકિસ્તાન સરકારના દાવા પોકળ, માત્ર ૧૪ દિવસનો તેલ સ્ટોક બાકી

નવી દિલ્હી, તા.૦૬

પાકિસ્તાનમાં પેટ્રોલિયમ પેદાશોના ભંડાર મુદ્દે શાહબાઝ સરકાર અને પેટ્રોલિયમ ડીલરો સામસામે આવી ગયા છે. પાકિસ્તાન પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન (PPDA) એ ઓઈલ એન્ડ ગેસ રેગ્યુલેટરી ઓથોરિટી (OGRA) ના ડેટાને પડકારતા જણાવ્યું છે કે દેશમાં માત્ર ૧૪ દિવસ ચાલે તેટલો જ ઈંધણનો જથ્થો બાકી છે. PPDA ના ચેરમેન અબ્દુલ સામી ખાને ચેતવણી આપી છે કે જો ઈરાનથી થતી આયાત પર પ્રતિબંધ અને સ્થાનિક રિફાઈનરીઓના સપ્લાયમાં વિક્ષેપ ચાલુ રહેશે, તો દેશભરના પેટ્રોલ પંપ બંધ કરવાની ફરજ પડશે. બીજી તરફ, ઓઈલ માર્કેટિંગ એસોસિએશન (OMAP) એ પણ આક્ષેપ કર્યો છે કે સ્થાનિક રિફાઈનરીઓ તેમની પ્રતિબદ્ધતા




મુજબ ઉત્પાદન પૂરું પાડતી નથી, જેના કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ છે. કંપનીઓનો દાવો છે કે નવી ક્વોટા સિસ્ટમને કારણે માંગ સામે પુરવઠો ઘણો ઓછો છે. સંભવિત હિંસા અને અફરાતફરીને ટાળવા માટે ડીલરોએ પોલીસ સુરક્ષાની પણ માંગ કરી છે. જોકે, પાકિસ્તાન સરકાર હજુ પણ પૂરતો સ્ટોક હોવાનો દાવો કરી જનતાને ગભરાટમાં ખરીદી ન કરવા અપીલ કરી રહી છે. વૈકલ્પિક સ્ત્રોતોના અભાવે આગામી દિવસોમાં પાકિસ્તાનમાં ઊર્જા કટોકટી વધુ ઘેરી બનવાના સંકેત છે.

# બાગેશ્વર બાબા એક મહિના માટે 'અજ્ઞાતવાસ'માં જશે : કથા અને દિવ્ય દરબારને આપ્યો વિરામ

છતરપુર, તા.૦૬

સનાતન ધર્મના પ્રચારક અને બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ એક મોટો નિર્ણય લેતા આગામી મે મહિનામાં એક મહિના માટે તમામ જાહેર પ્રવૃત્તિઓથી દૂર રહેવાની જાહેરાત કરી છે. આ સમય દરમિયાન તેઓ કોઈપણ મોબાઈલ નેટવર્ક, ટીવી કે ઈન્ટરવ્યુ માટે ઉપલબ્ધ રહેશે નહીં અને તેમના પ્રખ્યાત દિવ્ય દરબાર કે કથાનું આયોજન પણ કરવામાં આવશે નહીં. મળતી માહિતી મુજબ, ધીરેન્દ્ર શાસ્ત્રી ઉત્તરાખંડના બદ્રીનાથ ધામની પહાડીઓમાં ૨૧ દિવસ સુધી એકાંતમાં ગુપ્ત ધ્યાન અને તપસ્યા કરશે. પોતાની આ યાત્રા અંગે તેમણે જણાવ્યું કે, વર્તમાન તબક્કે આત્મ-ધ્યાન ખૂબ જ જરૂરી છે. ગેરમાર્ગે દોરનારા



તત્વોથી દૂર રહીને નવી ઉર્જા અને નવા વિચારો પ્રાપ્ત કરવા માટે તેમણે ગુરુની આજ્ઞાથી આ તપસ્યાનો નિર્ણય લીધો છે. મે મહિનામાં તેઓ બાગેશ્વર ધામ છોડી પર્વતોમાં ભક્તિમાં લીન થશે અને ત્યાંથી પરત ફર્યા બાદ જ ફરીથી ધાર્મિક સભાઓ અને લોક સંપર્ક શરૂ કરશે. ભક્તો માટે આ સમાચાર આશ્ચર્યજનક છે, પરંતુ બાબાએ તેને આત્મશુદ્ધિ અને સનાતન કાર્યની નવી તૈયારી ગણાવી છે.

# કર્ણાટકમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

બેંગ્લુરૂ, તા.૦૬

બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને ડિજિટલ વ્યસનને ધ્યાનમાં રાખીને કર્ણાટક સરકારે એક ક્રાંતિકારી નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બજેટ ભાષણમાં જાહેરાત કરી કે રાજ્યમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ લાદવામાં આવશે.




સરકારનું માનવું છે કે અનિયંત્રિત સ્ક્રીન સમય બાળકોની શીખવાની ક્ષમતા અને સલામતી પર ગંભીર અસર કરી રહ્યો છે. આ નિર્ણય લેતા પહેલાં શિક્ષણશાસ્ત્રીઓ અને મંત્રીઓ સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આંધ્રપ્રદેશ સરકાર પણ બાળકોને ઓનલાઈન દુરુપયોગથી બચાવવા મેટા અને ગૂગલ જેવી કંપનીઓ સાથે મળીને કડક કાયદાકીય માળખું તૈયાર કરી રહી છે.

## રશિયન તેલ ખરીદી પર અમેરિકાની ૩૦ દિવસની છૂટ પર કોંગ્રેસે ટ્રમ્પ અને મોદી સરકાર પર સાધ્યું નિશાન

નવી દિલ્હી, તા.૦૬

ઈરાન સાથે વધતા વૈશ્વિક તણાવ વચ્ચે ટ્રમ્પ પ્રશાસને ભારતીય રિફાઈનરીઓને રશિયન તેલ ખરીદવા માટે ૩૦ દિવસની કામચલાઉ છૂટ આપી છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવ્યું કે, આ પગલાનો ઉદ્દેશ્ય વૈશ્વિક ઉર્જા બજારમાં તેલનો પ્રવાહ જાળવી રાખવાનો છે. આ છૂટ માત્ર સમુદ્રમાં ફસાયેલા કાર્ગોના વ્યવહારો પૂરતી સીમિત રહેશે. આ જાહેરાત બાદ કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કાવ્યાત્મક પોસ્ટ દ્વારા કટાક્ષ કરતા તેને 'અમેરિકન બ્લેકમેલ' ગણાવ્યું છે. નોંધનીય છે કે અગાઉ ટ્રમ્પે રશિયન તેલ ખરીદી પર ૨૫% દંડાત્મક ટેરિફ લાદ્યો હતો, જે તાજેતરમાં વચગાળાના કરાર બાદ હટાવી દેવાયો હતો. અમેરિકાને આશા છે કે ભારત આગામી સમયમાં રશિયાને બદલે યુએસ પાસેથી ઉર્જા આયાત વધારશે.

# અમદાવાદમાં ટી-૨૦ વર્લ્ડ કપ ફાઈનલ પહેલા પોપસ્ટાર રિકી માર્ટિન જમાવશે રંગ

અમદાવાદ, તા.૦૬

T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલ મેચ રવિવાર, ૮ માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના આ જંગ પહેલા ભવ્ય સમાપન સમારોહ યોજાશે, જેમાં આંતરરાષ્ટ્રીય પોપ સ્ટાર રિકી માર્ટિન પરફોર્મ કરશે. ICCની જાહેરાત મુજબ,



કાર્યક્રમ સાંજે ૫:૩૦ વાગ્યે શરૂ થશે. ભારત ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે સતત બીજું ટાઈટલ જીતી ઈતિહાસ રચવા મેદાને ઉતરશે. ભારતે સેમીફાઈનલમાં ઈંગ્લેન્ડને, જ્યારે ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. સ્ટેડિયમના દરવાજા બપોરે ૩:૩૦ વાગ્યે ખુલશે. ક્રિકેટ ચાહકોમાં આ હાઈ-વોલ્ટેજ મેચ અને મ્યુઝિકલ પરફોર્મન્સને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# શેરબજારમાં મોટું ગાબડું : સેન્સેક્સ ૧,૧૦૦ પોઈન્ટ તૂટતા રોકાણકારોના કરોડો રૂપિયાનું ધોવાણ

મુંબઈ, તા.૦૬

ભારતીય શેરબજારમાં શુક્રવારે કાળો દિવસ સાબિત થયો હતો. વૈશ્વિક બજારના નબળા સંકેતો અને પશ્ચિમ એશિયામાં વધી રહેલા યુદ્ધના તણાવને કારણે બજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. ટ્રેડિંગના અંતે BSE સેન્સેક્સ ૧,૦૧૭.૩૭ પોઈન્ટ ઘટીને ૭૮,૯૯૮.૫૩ પર અને NSE નિફ્ટી ૩૧૫.૪૫ પોઈન્ટ તૂટીને ૨૪,૪૫૦.૪૫ પર બંધ



થયો હતો. આ ઘટાડાને કારણે રોકાણકારોની સંપત્તિમાં લાખો કરોડ રૂપિયાનું ધોવાણ થયું છે. બજાર તૂટવાના મુખ્ય કારણોમાં ઈરાન-ઈઝરાયલ સંઘર્ષને લીધે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો ૫% નો ઉછાળો છે, જે ૮૬ પ્રતિ બેરલની સપાટીએ પહોંચ્યો છે. આ ઉપરાંત, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (FII) માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં અંદાજે ૧૬,૦૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લેતા બજારનું સેન્ટિમેન્ટ નબળું પડ્યું છે. દક્ષિણ કોરિયા અને અમેરિકાના બજારોમાં પણ ઘટાડો નોંધાતા ભારતીય રોકાણકારોએ સાવચેતીના ભાગરૂપે નફો બુક કરવાનું પસંદ કર્યું હતું. માત્ર આઈટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના કેટલાક શેરોમાં જ સાધારણ વધારો જોવા મળ્યો હતો.

# અમેરિકા-ઈઝરાયલના ભીષણ હુમલામાં ૧,૪૦૦થી વધુ ઈરાનીઓના થયા મોત

વોશિંગ્ટન, તા.૦૬


અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના સાતમા દિવસે પરિસ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. અમેરિકી વાયુસેનાના B-2 અને B-52 બોમ્બરોએ ઈરાનના સૈન્ય મથકો અને તેહરાનના આઝાદી સ્ટેડિયમ જેવા વિસ્તારો પર ૨,૦૦૦ પાઉન્ડના બોમ્બ ફેંકી ભારે વિનાશ વેર્યો છે. અત્યાર સુધીના હુમલામાં ૧,૪૦૦થી વધુ ઈરાની નાગરિકો અને



સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે દાવો કર્યો છે કે અમેરિકાએ ઈરાનની ૭૩% ડ્રોન અને ૮૬% બેલિસ્ટિક મિસાઈલ ક્ષમતાનો નાશ કરી દીધો છે. તેહરાન ઉપરાંત સાનંદજ અને બુશેહર જેવા શહેરોમાં વીજળી અને પાણીનો પુરવઠો ખોરવાઈ ગયો છે. બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ રશિયા અને ચીન તરફથી ગુપ્ત મદદ મળતી હોવાના સંકેત આપ્યા છે. સરહદી વિસ્તારોમાં બોમ્બમારાને કારણે ઈરાનની પકડ નબળી પડી છે, જેનાથી જમીની યુદ્ધ શરૂ થવાની સંભાવના વધી છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાન સાથે કોઈ ગુપ્ત વાટાઘાટો કરી રહ્યા નથી અને સૈન્ય કાર્યવાહી ચાલુ રહેશે.

# રાજયમાં હીટવેવની આગાહી: સાત જિલ્લાઓમાં યલો એલર્ટ

**સૌરાષ્ટ્રમાં પણ તાપમાનનો પારો સડસડાટ ઉંચે ચડશે**



અમદાવાદ,તા.૦૬

ગુજરાતના વાતાવરણમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે જેમાં વહેલી સવારે ઠંડક અને બપોરે આકરો તાપ જોવા મળે છે. હવામાન વિભાગની તાજી આગાહી મુજબ આગામી ૬ માર્ચથી ૧૦ માર્ચ ૨૦૨૬ દરમિયાન રાજ્યના અનેક ભાગોમાં કાળઝાળ ગરમી પડવાની શક્યતા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓમાં હીટવેવને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૬ અને ૭ માર્ચના રોજ ભાવનગર જિલ્લામાં ગરમીનું પ્રમાણ વિશેષ રહેશે જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજવાળા ગરમ પવન ફૂંકાશે. ત્યારબાદ ૮ થી ૧૦ માર્ચ દરમિયાન પોરબંદર, ગીર સોમનાથ, ભાવનગર સહિત ભરૂચ, સુરત, નવસારી અને વલસાડમાં હીટવેવની અસર વર્તાશે. ગરમીનો પારો સતત ઊંચો જવાની શક્યતા હોવાથી નાગરિકોને બપોરના સમયે સાવચેત રહેવા અને ગરમીથી બચવા જરૂરી પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે.

# ભાવનગરના IGP સહિત રાજયના ૩૭ IPS અધિકારીઓની બદલી

ભાવનગર,તા.૦૬




ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસ પ્રશાસનમાં વહીવટી સુધારાના ભાગરૂપે એકસાથે ૩૭ IPS અધિકારીઓની બદલીના મહત્વના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ પ્રક્રિયામાં સરકારે અનેક મહત્વના હોદ્દાઓને અપગ્રેડ અને ડાઉનગ્રેડ કરી સુરક્ષા વ્યવસ્થાને વધુ સજ્જ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ખાસ કરીને સ્ટેટ મોનિટરિંગ સેલના વડા તરીકે જાણીતા નિર્લિપ્ત રાયની રાજકોટ રેન્જ IG તરીકે નિમણૂક કરવામાં આવી છે, જ્યારે CBIમાં બહોળો અનુભવ ધરાવતા રાઘવેન્દ્ર વત્સને અમદાવાદ રેન્જ IGની મહત્વની જવાબદારી સોંપાઈ છે. આ ફેરબદલમાં ગગનદીપ ગંભીરને SMCનો વધારાનો ચાર્જ સોંપાયો છે અને લાંબા સમયથી પ્રતીક્ષામાં રહેલા સિનિયર IPS અધિકારી શમશેર સિંઘને નિવૃત્તિ પૂર્વે સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના કમાન્ડન્ટ જનરલ જેવું મહત્વનું પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં પણ વહીવટી સરળતા માટે ઝોન-૮ની નવી રચના કરવામાં આવી છે, જેની સાથે ટ્રાફિક અને ક્રાઈમ વિભાગમાં પણ વ્યાપક ફેરફારો અમલી બન્યા છે. ભાવનગરના આઈજીપી ગૌતમ પરમારને આઈજીપી સી.આઈ.ડી.ક્રાઈમ ગાંધીનગર ખાતે મુકવામાં આવ્યા છે તો તેની જગ્યાએ ગોધરા પંચમહાલના આઈજીપી આર.વી.અસારીને ભાવનગરના આઈજીપી બનાવવામાં આવ્યા છે.

# અમદાવાદના નિકોલમાં કરોડોના ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ, બેની ધરપકડ અને ૪૬ ફરાર

અમદાવાદ, તા.૦૬



નિકોલ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડીને ઓનલાઈન ક્રિકેટ બેટિંગના મોટા નેટવર્કને ઝડપી પાડ્યું છે. પોલીસે સ્થળ પરથી બે શખસોની ધરપકડ કરી છે અને ૩.૪૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસમાં ખૂલ્યું છે કે આ રેકેટ 'સ્ટારપોટ-૯' અને 'વીઆઈપીબેટ૩૬૦' જેવી માસ્ટર આઈડી દ્વારા ચાલતું હતું. આરોપીઓ વિદેશી નંબરોનો ઉપયોગ કરી કરોડોનો સટ્ટો રમાડતા હતા. દિલ્હીના આકાશ અને અનિલ કોટક આ કૌભાંડના મુખ્ય સૂત્રધારો હોવાનું સામે આવ્યું છે. આ કેસમાં કુલ ૪૬ શખસોને વોન્ટેડ જાહેર કરાયા છે. SMC હાલ આ આંતરરાજ્ય નેટવર્કના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

# રાજય સરકારનો મહત્વનો નિર્ણય : આવશ્યક દવાઓની યાદીમાં ૧૫૦ નવી દવાઓનો ઉમેરો

ગાંધીનગર, તા.૦૬

રાજ્યના ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે હેતુથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ માટેની 'આવશ્યક દવાઓની યાદી' (EDL) માં મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, અગાઉની ૧,૩૮૬ દવાઓની યાદી વધારીને હવે ૧,૪૭૯ કરવામાં આવી છે. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલી સમીક્ષા બાદ, ૧૫૦ નવી દવાઓ ઉમેરવામાં આવી છે, જ્યારે ૫૭ બિનજરૂરી દવાઓ દૂર કરાઈ છે. આ યાદીમાં જીવનરક્ષક દવાઓ, એન્ટી-ઈન્ફેક્ટિવ, હૃદયરોગ,



કેન્સર અને માનસિક રોગોની દવાઓનો સમાવેશ થાય છે. ખાસ કરીને મેડિકલ ડિવાઈસીસની સંખ્યા ૨૮૭ થી વધારીને ૩૪૯ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈ મેડિકલ કોલેજો સુધી આ તમામ દવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવાશે. રાજ્ય સરકાર દર વર્ષે ડ્રગ્સ ફોર્મ્યુલરીને રિવાઈઝ કરે છે જેથી છેવાડાના માનવી સુધી આધુનિક અને અસરકારક સારવાર પહોંચાડી શકાય.

# ઈરાન-ઈઝરાયલ યુધ્ધની મોરબીમાં માઠી અસર જોવા મળી, ૧૦૦ સિરામિક એકમો બંધ થવાને આરે

મોરબી, તા.૦૬



ઈરાન-ઈઝરાયલ યુદ્ધ અને વૈશ્વિક અસ્થિરતાને કારણે મોરબીનો વિશ્વવિખ્યાત સિરામિક ઉદ્યોગ ગંભીર સંકટમાં મુકાયો છે. પ્રોપેન ગેસના સપ્લાયમાં અનિશ્ચિતતા અને ઊર્જા કટોકટીને લીધે છેલ્લા બે દિવસમાં ૧૦૦ જેટલી ફેક્ટરીઓને તાળાં લાગી ગયા છે. જો સ્થિતિ વધુ વણસશે તો આગામી ૪-૫ દિવસમાં વધુ ૪૫૦ એકમો બંધ થવાની ભીતિ છે. યુદ્ધને પગલે ગલ્ફ દેશોમાં થતી નિકાસ સંપૂર્ણપણે અટકી પડી છે. જહાજોની અવરજવર પર અસર પડતા જૂના ઓર્ડર સ્થગિત કરી દેવાયા છે અને નવો માલ મોકલવો મુશ્કેલ બન્યો છે. ગુજરાત ગેસ દ્વારા સપ્લાયમાં કરાયેલા કાપને લીધે ઉત્પાદન ખર્ચ વધ્યો છે. અંદાજે ૯૦ ટકા યુનિટો બંધ થવાના આરે હોવાથી હજારો શ્રમિકોની રોજીરોટી પર ખતરો મંડરાઈ રહ્યો છે.

# સુરતમાં વ્યસનમુક્તિ કેન્દ્રમાં દવા લેવાનો ઈન્કાર કરતા દર્દીની હત્યા, ૪ કર્મચારીઓની ધરપકડ


સુરત, તા.૦૬



શહેરના ડુમસ વિસ્તારમાં આવેલ 'રેવા વ્યસનમુક્તિ અને પુનર્વસન કેન્દ્ર' માં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૩૨ વર્ષીય દર્દી ધવલ રાઠોડે દવા લેવાનો ઈનકાર કરતા કેન્દ્રના ચાર કર્મચારીઓએ તેને બેરહેમીથી માર માર્યો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું છે. પોલીસે આ મામલે બે કાઉન્સેલર, એક વોર્ડ બોય અને એક ડ્રાઈવરની ધરપકડ કરી છે. પોલીસ તપાસ મુજબ, ધવલ રાઠોડને ૨૮ ફેબ્રુઆરીએ સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. ૧ માર્ચની રાત્રે દવા બાબતે વિવાદ થતા કર્મચારીઓએ તેને લાકડીઓ વડે ઢોર માર માર્યો હતો. હાલત વધુ બગડતા તેને સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. એસીપી શ્વેતા ડેનિયલે જણાવ્યું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ જોવા મળી હતી. હોસ્પિટલ સ્ટાફ અને અન્ય દર્દીઓની પૂછપરછ બાદ સત્ય બહાર આવ્યું હતું. પોલીસે જીગ્નેશ દેસાઈ, રોહન સંઘાણી, શૈલેષ વાઘેલા અને દિલીપ જોશી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર જમીન કૌભાંડ : NA કરવા માટે રચાતું 'ટીમવર્ક', EDની ચાર્જશીટમાં ચોંકાવનારા ખુલાસા

સુરેન્દ્રનગર, તા.૦૬



કરોડો રૂપિયાના સુરેન્દ્રનગર જમીન કૌભાંડમા EDએ ૧૮૨ પાનાની ચાર્જશીટ રજૂ કરતા ભ્રષ્ટાચારનું આખું માળખું ખુલ્લું પડ્યું છે. જમીન બિનખેતી (NA) કરવાના નામે તત્કાલીન કલેક્ટર ડૉ. રાજેન્દ્ર પટેલથી લઈને ક્લાર્ક સુધીના અધિકારીઓ સુનિયોજિત રીતે કટકી કરતા હતા. ચાર્જશીટ મુજબ, લાંચની રકમમાં કલેક્ટરનો ૫૦%, નિવાસી અધિક કલેક્ટરનો ૨૫%, મામલતદાર અને નાયબ મામલતદારનો ૧૦-૧૦% તથા ક્લાર્કનો ૫% હિસ્સો નક્કી હતો. અરજદારો પાસેથી રૂપિયા પડાવવા માટે કાયદાકીય આંટીઘૂંટી ઉભી કરી અરજીઓ લટકાવી રાખવામાં આવતી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે ડિસેમ્બર ૨૦૨૪ થી નવેમ્બર ૨૦૨૫ દરમિયાન અંદાજે ૯.૭૦ કરોડથી વધુની લાંચ લેવામાં આવી હતી. હિસાબોની આપ-લે વોટ્સએપ અને પ્રિન્ટઆઉટ દ્વારા થતી હતી. EDએ અગાઉ જ કલેક્ટર અને નાયબ મામલતદારની અટકાયત કરી છે, જ્યારે અન્ય સંડોવાયેલા કર્મચારીઓ સામે પણ ગુનો દાખલ કરાયો છે.

# ઉનાના ભેભા ગામે ઘરકંકાસમાં પતિએ કુહાડીના ઘા ઝીંકી પત્નીની હત્યા કરી

ઉના,તા.૦૬



ઉના તાલુકાના ભેભા ગામમાં ગુરૂવારના રોજ બપોરે એક ભયાનક ઘટના ઘટી હતી જેમાં બાંભણીયા દેવશી નામના શખ્સે પોતાની ૩૪ વર્ષીય પત્ની લાખુબેનની કુહાડીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી છે. દંપતી વચ્ચે લાંબા સમયથી ચાલતા ઘર કંકાસે આજે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જ્યારે લાખુબેન રસોઈ બનાવતા સમયે તેમના ભાઈ સાથે ફોન પર વાત કરી રહ્યા હતા ત્યારે પતિ સાથે બોલાચાલી થઈ હતી અને ઉશ્કેરાયેલા દેવશીએ પત્નીના ગળાના ભાગે કુહાડીના ઘા મારી દીધા હતા. ઘટના બાદ સાળાના ફોન પર દેવસીએ પોતે જ ગુનાની કબૂલાત કરી હતી. ગંભીર રીતે ઘાયલ પત્નીને હોસ્પિટલ ખસેડતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

# જૂનાગઢમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ જોઈન્ટ સેક્રેટરીનું રાજીનામુ

જૂનાગઢ, તા.૦૬

રાજુ કરપડાના રાજીનામા બાદ સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીને વધુ એક મોટો ફટકો પડયો છે. પક્ષના પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી અને પાયાના નેતા ભાવેશ કાતરીયાએ પક્ષના તમામ હોદ્દા અને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. કાતરીયાએ સોશિયલ મીડિયા પર વીડિયો મેસેજ જાહેર કરીને પક્ષ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે, ૨૦૧૩થી પક્ષને મજબૂત કરવા મહેનત કરી, પરંતુ હવે પક્ષનો ઉદ્દેશ્ય માત્ર ભાજપને ફાયદો કરાવવાનો હોય તેમ લાગે છે. પક્ષની આંતરિક લોકશાહી સામે સવાલ ઉઠાવતા તેમણે ઉમેર્યું કે ગુજરાતના ભવિષ્ય માટે આ સ્થિતિ યોગ્ય નથી. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં દિગ્ગજ નેતાઓના રાજીનામાથી 'આપ' માટે કપરા ચઢાણ સર્જાયા છે.

# કચ્છના દૂધઈમાં ૩.૩ની તીવ્રતાનો ભુકંપ : જાનમાલનું કોઈ નુકશાન નહી

ભુજ, તા.૦૬

કચ્છના દૂધઈ વિસ્તારમાં મોડી રાત્રે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્રબિંદુ દૂધઈથી ૨૩ કિમી દૂર નોંધાયું હતું. આંચકાને કારણે અંજાર સહિતના વિસ્તારોમાં સામાન્ય ફફડાટ ફેલાયો હતો, પરંતુ કોઈ જાનહાનિ કે નુકશાનના અહેવાલ નથી.







